Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.13 - Issue 2
February 2020
Price 12/-

નવસારીમાં બ્રહ્માબાબાની જન્મજયંતી નિમિત્તે 'શાંતિ દોડ' કાર્યક્રમમાં DDO ભ્રાતા રાજદેવસિંહ, રનર સત્યેન્દ્રભાઈ, એથલેટિક એસો.ના પ્રમુખ નવનીતભાઈ, સાયકલીસ્ટ બોમીભાઈ, બ્ર.કુ. ગીતાબેન.

વડોદરામાં અલકાપુરી અને એક્ટીવ ઈન્ડીયન જર્નાલીસ્ટ યુનિયનના કાર્યક્રમમાં બ્ર.કુ. શાન્તનુભાઈ સાથે વરિષ્ઠ પત્રકારો હેમરાજભાઈ, પી.એલ.ચતુર્વેદી, દેવેન્દ્રભાઈ, જગદીશભાઈ, બ્ર.કુ. મીનાબેન.

પાટણ સેવાકેન્દ્રમાં રાધે-રાધે સત્સંગના સ્વામી મુકુંદાનંદજી મહારાજને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. નીલમબેન સાથે બ્ર.કુ. નીતાબેન.

સિધ્ધપુરમાં બ્ર.કુ. મનોજભાઈનાં અમૃત મહોત્સવના પ્રસંગે શુભેચ્છા આપતાં બ્ર.કુ. નેહાબેન સાથે બ્ર.કુ. વિજયાબેન, બ્ર.કુ. મનોજભાઈ.

શહેરામાં 'જીવન પરિવર્તન રથ'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતાં MLA જેઠાભાઈ, BJPના જીલ્લા મહામંત્રી જીજ્ઞેશભાઈ રાવલ, નગર સેવાસદનના પ્રમુખ સ્નેહલત્તાબેન, બ્ર.કુ. રતનબેન.

કીમ-સુરત ખાતે 'સિંધી સ્નેહમિલન'માં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. તૃપ્તિબેન, સિંધી સમાજના પ્રમુખ પરિલ પાસવાની, ભ્રાતા શ્યામભાઈ ઈસાની, ભ્રાતા અરજણભાઈ, બ્ર.કુ. નમ્રતાબેન, બ્ર.કુ. જનીતાબેન.

છાયાંમાં 'રાજયોગ શિબિર'નું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. ગીતાબેન, નગરપાલિકાના પ્રમુખ ભગિની ગીતાબેન ગોસ્વામી, લોહાણા મહાજન વાડીના પ્રમુખ લલિતભાઈ કોટેચા, ડૉ. અનિલભાઈ સિરોદીયા.

કેશોદ ખાતે 'હેલ્થ સેમીનાર'માં ડેપ્યુટી કલેકટર શ્રીમતી રેખાબા સરવૈયા, યોગાચાર્ય દુષ્યંતભાઈ, DySP જે.બી.ગઢવી, Dy એન્જીનીયર ભ્રાતા પીઠાભાઈ કરંગિયા, મામલતદાર હેતલબેન, બ્ર.કુ. રુપાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૩ ફેબ્રુઆરી-૨૦૨૦ અંક : ૦૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- મનસા સેવા ....તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....દાદી જાનકીજી ..10
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..11
- શિવરાત્રિનો આધ્યાત્મિક સંદેશ ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..12
- નજરની અણધારી અસર ....બ્ર.કુ. કિશોર ..13
- ઘરને બનાવીએ સ્વર્ગ ....બ્ર.કુ. સૂર્યભાઈ ..14
- મનને સમજી ગયા તો એને ચલાવવું.......બ્ર.કુ. ઉષાબેન ..15
- સ્મરણાંજલિ ....બ્ર.કુ. રમેશભાઈ ..16
- સફળતાનું રહસ્ય ....બ્ર.કુ. વિનાયક ..18
- પુરુષાર્થમાં યોગનું મહત્ત્વ.............બ્ર.કુ. ભગવાનભાઈ ..19
- શિવસંદેશ 21
- જીવન સંધ્યા ....બ્ર.કુ. ભારતીદીદી ..26
- નારીનો સર્વાંગી વિકાસ ....બ્ર.કુ. દમયંતીદીદી ..28
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..30
- રીટર્ન જર્ની - મહાપ્રયાણની તૈયારી .બ્ર.કુ. ચંદ્રવદનભાઈ ..31

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની ભારતીદીદી

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460, 2532 4660

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

મનસા સેવા

સાંપ્રત સમયનો પોકાર

આપણને પ્રશ્ન થાય કે આપણે તો આધ્યાત્મિક જીવનને લીધે સુખ, શાંતિ અને દિવ્યાનંદસભર જીવન જીવીએ છીએ તો મનસા સેવા શા માટે ? આપણે એક પરમપિતા પરમાત્માનાં સંતાન છીએ તે સંબંધે સૃષ્ટિ પરના સૌ આત્માઓ આપણાં ભાઈઓ, બહેનો છે. વસુધૈવ કુટુંબકમની ભાવના મુજબ એક જ પરિવારનાં સભ્યો છીએ. પરિવારમાં એક સુખી હોય, બીજું દુ:ખી હોય, તો સ્વાભાવિક રીતે કરુણાની ભાવના જન્મે.

સાંપ્રત વિશ્વની તાસીર ચિંતાજનક છે. વધતા જતા વસ્તી વિસ્ફોટે અર્થશાસ્ત્રીઓની ગણતરીઓ ઊંધી વાળી દીધી છે. કેટલીયે પંચવર્ષીય યોજનાઓ પછી પણ આપણે લક્ષ્યબિંદુ સુધી પહોંચ્યા નથી, પરિણામે રોટી, કપડાં, મકાનની પ્રાથમિક સુવિધાઓથી અનેક લોકો વંચિત છે. વૈશ્વિકરણને લીધે નાના ઉદ્યોગો નાશ પામ્યા છે. ક્યાંક મરવાના વાંકે ચાલી રહ્યા છે. પશ્ચિમના આંધળા અનુકરણે આપણી ઈચ્છાઓ, શોખ, આદતો, અપેક્ષાઓ વધતાં જ રહ્યાં છે. માંગ અને પૂરવઠાની સમતુલા જળવાતી નથી. સંયુક્ત પરિવારો તૂટતાં જાય છે. વિભક્ત કુટુંબો પણ અનેક સમસ્યાઓથી ગ્રસ્ત છે.

આજે અખબારોમાં દરરોજ આત્મહત્યા, હિંસા, ખૂન, બળાત્કાર, લૂંટફાટ, આતંકવાદી પ્રવૃત્તિઓના અહેવાલો વાંચીએ છીએ. ભ્રષ્ટાચારને લીધે કુકર્મોની માત્રા ઝડપથી વધી રહી છે. તેથી ક્યાંક પ્રેમમાં નિષ્ફળતાને લીધે, પારિવારિક કલેશ કંકાસને લીધે, શંકા-કુશંકાને લીધે, આર્થિક ભીંસને લીધે, પરીક્ષામાં નાપાસ થવાને લીધે, ધાર્યા પ્રમાણેનું પરિણામ પ્રાપ્ત ન કરવાને લીધે, ક્યારેકતો નાનાં નાનાં કારણોને લીધે આત્મહત્યાઓ થતી રહે છે. ચોમેર આંસુ, વેદનાનો ચિત્કાર, અસલામતીની ભાવના, વિરોધાભાસ, નિરાધારીપણાનો અનુભવ થાય છે. જેઓ આ સર્વ પ્રશ્નોથી મુક્ત છે. તેઓ પરમાત્માનો યથાર્થ પરિચય પ્રાપ્ત કરવા માટે ભટકી રહ્યા છે. કર્મકાંડો કે બાહ્યાચાર એમને અતીન્દ્રિયસુખની અનુભૂતિ કરાવી શક્યા નથી. આવા આત્માઓને પ્રભુમિલનની પ્યાસ છે.

ઉપરોક્ત હકીકતોને ધ્યાનમાં લેતાં આપણને પરમાત્માએ આપેલો મનસા સેવા કરવાનો આદેશ યાદ આવે છે. રાજયોગ અને ઈશ્વરીય જ્ઞાનના સબળ માધ્યમથી હારેલા, થાકેલા, નાસીપાસ થયેલા આત્માઓમાં ઉમંગ ઉત્સાહ લાવવા ગુણો અને શક્તિઓ ધારણ કરવાની પ્રેરણા આપવા અને સર્વસમસ્યાઓના સમાધાન માટે મનસા સેવા એક અક્સીર શક્તિશાળી, પ્રભાવશાળી ઈલાજ છે.

પરિભાષા - મનસા સેવા અર્થાત્ **દરેક સમયે આત્મા પ્રત્યે સાહજિક રીતે શુભભાવના અને શુભ કામનાનાં વાયબ્રેશન (આંદોલનો) નીકળે જેનો સ્વયં તથા બીજાઓ પણ અનુભવ કરે. મનસા સેવા વિહંગમાર્ગની સેવા છે. મનસા સેવા અર્થાત્ સંકલ્પ દ્વારા સેવાની ટચીંગ થાય.**

મનસા સેવા અર્થાત્ **મનનાં શક્તિશાળી આંદોલનો પ્રસરાવી વિશ્વકલ્યાણના હેતુથી**

કરવામાં આવતી સેવા. રાજયોગી જીવનના નિયમો અને મર્યાદાઓનું ચુસ્ત પાલન કરી, એકાગ્રતાની શક્તિ, યોગની ગહન અનુભૂતિ અને અચલ, અડોલ, એકરસ અવસ્થા દ્વારા મનસા સેવા થઈ શકે છે. તેમાં સંશય, આળસ, અલબેલાપણાને કોઈ સ્થાન નથી.

સ્થૂળ રીતે જોઈએ તો અવકાશમાં ઉપગ્રહ છોડતી વખતે જેટલી ઊર્જાની જરૂર પડે છે. તેવી અસરકારક, પ્રભાવશાળી મનની અવસ્થાથી મનસા સેવા પરિણામલક્ષી બને છે. **જે આત્મા દેહ અને દેહના સર્વ બંધનોથી વ્યર્થ સંકલ્પોથી સંપૂર્ણ રીતે મુક્ત હોય અને જેના મનમંદિરમાંથી શુભભાવના, શુભકામના અને વિશ્વ કલ્યાણના તરંગો ઉઠે છે તે મનસા સેવા છે.**

મનસા સેવા યોગી જીવનના સર્વ નિયમોનું પાલન કરનાર કોઈપણ આત્મા કરી શકે છે. તેમાં જ્ઞાતિ, જાતિ, વય કે વર્ગભેદ, ધર્મભેદનાં કોઈ બંધનો નથી. માત્ર તેને સ્વની, સ્વપિતાની, સ્વકર્મની, સ્વધર્મની, સ્વધામની યથાર્થ સમજ હોય તે જરૂરી છે. વિદ્યુતની ગતિ કરતાં પણ મનની ગતિ અતિ તેજ છે. વાયુની ગતિ કરતાં મન વહેલું પહોંચે છે. તેથી **મનસા સેવા માટે મનની માવજત કરવાની જરૂર છે.**

મનસા સેવા હતાશાની ચિતા ઉપર બેઠેલા આત્માઓને નવા જીવનનું દાન આપી શકે છે. જેઓ બીજી કોઈ સેવા કરતા નથી તેઓ પોતાની શ્રેષ્ઠ સ્થિતિ દ્વારા મનસા સેવા કરી શકે છે. તેઓ પ્રથમ નંબરના સેવાધારી બની શકે છે.

મનસા સેવા કોણ કરી શકે ?

જે સાધકમાં એકાગ્રતાની શક્તિ હોય તેને મનસા સેવા સરળ લાગશે. તેનામાં કાનૂન (Law) અને પ્રેમ (Love)નું સમતુલન હોય તે જરૂરી છે. મનસા સેવા કરવા માટે આત્મિક પ્રેમની મૂર્તિ બનવું પડે. વળી સંગમયુગના સમયનું મહત્ત્વ સમજવું જરૂરી છે. **સંગમયુગની એક એક પળ અતિ મહત્વની છે.** તેથી મનસા સેવા કરનાર દરેક પળે પોતાનું શ્રેષ્ઠ ભાગ્ય બનાવે છે. તે મહાદાની, વરદાની બનીને વિશેષતાઓને વહેંચવા માટે નિમિત્ત બને છે. પણ તેણે યાદ રાખવાનું છે કે **તેને મળેલી વિશેષતાઓ પરમાત્મ પ્રસાદ છે.** તેથી અહંભાવ નહીં આવે અને સદા પ્રસન્ન, એકરસ અવસ્થા જળવાઈ રહે છે. જેઓ વિશ્વના શો કેસમાં સ્વયંને ઉદાહરણમૂર્ત સમજે છે તેઓ મનસા સેવા કરી શકે છે.

તે માટે તેણે **સેવા અને સ્વઉન્નતિનું ધ્યાન રાખવું પડે છે.** મનસા સેવા માટે **મનની ડ્રીલ વારંવાર કરો.** એક પળમાં નિરાકારી સ્થિતિમાં સ્થિત થવાની ડ્રીલ કરો. આ અભ્યાસ મનસા સેવા કરવામાં ઉપયોગી થશે. વળી **દૃઢ મનોબળ, સંકલ્પશક્તિની પણ જરૂર છે.** જેઓનો **લાંબા સમયનો અશરીરીપણાનો, દેહથી ન્યારા, કરાવનહાર સ્થિતિનો અનુભવ, તીવ્ર પુરુષાર્થ છે** વળી જે આત્મા એવું સમજે છે કે **મારો સમય-સંકલ્પ વિશ્વ સેવા પ્રત્યે જ છે એ આત્મા મનસા સેવા કરી શકે છે.**

તેણે **ડબલ સેવા કરવાની છે. સ્વની સેવા અને સમગ્ર વિશ્વમાં સુખશાંતિનાં કિરણો પ્રસરાવવાની સેવા.** જે રીયલગોલ્ડ છે. (સંપન્નયોગી) તે મનસા સેવા કરી શકે છે. જે **મનને સદા વ્યસ્ત રાખે છે**, સંપન્ન સ્થિતિમાં રહે છે. તેના માટે મનસા સેવા સહજ છે. મનસા સેવા, કરનારના **દિલમાં, મનમાં કોઈના પ્રત્યે પણ વ્યર્થ વૃત્તિનાં વાયબ્રેશન ન હોવાં જોઈએ.** તેથી કોઈની **નકારાત્મક વાત બુદ્ધિમાં ના રાખો.** જે પળમાં જ્યાં ઈચ્છે, જે સ્થિતિમાં સ્થિત રહે અર્થાત્

એવરરેડી રહે તે પ્રભાવશાળી મનસા સેવા કરી શકે છે.

જે સાધક અવિનાશી સુખ, શાંતિ તથા સાચા પ્રેમનો સ્ટોક એકઠો કરે છે તે જ અન્યને સકાશ આપી શકે છે. જેણે સ્વનું પરિવર્તન કર્યું હશે તે જ વિશ્વ પરિવર્તનનું વાયબ્રેશન તીવ્રગતિથી ફેલાવી શકશે. જે હદમાંથી મુક્ત થઈ બેહદ સેવાધારી બને છે. મનસા સેવા કરનાર કદી સાધનો, સુવિધાઓ તરફ આકર્ષિત થશે નહીં. એટલે જ તે સાધક મનસા સેવાનો પ્રયોગી બનીને સાધનો અર્થાત્ પ્રકૃતિ ઉપર પણ વિજયી બનશે.

જેના મન, બુદ્ધિ સ્વચ્છ છે વળી જેની પાસે શુદ્ધ સંકલ્પોની શક્તિનો સ્ટોક છે. તેવા સાધકો મનસા સેવા કરી શકે છે. જે આત્મા તીવ્ર પુરુષાર્થી છે, જેણે ગહન તપસ્યા કરી છે તેજ સાધક મનસા સેવા કરી શકે છે. આમ મનસા સેવા કરનાર સાધકમાં આટલી યોગ્યતાઓ હોવી જરૂરી છે.

મનસા સેવાની કાર્ય પદ્ધતિ

જ્યાં પણ અશાંતિ હોય ત્યાં શાંતિ ફેલાવનાર શાંતિદૂત બનવું એ મનસા સેવા કરનારનો ધર્મ છે. મનસા, વાચા, કર્મણા ત્રણે સેવાઓ એકી સાથે કરો. જેથી તેનો વિશેષ પ્રભાવ પડશે. સૌથી મોટી સેવા **માઈક અને વારસ આત્માઓને ઈમર્જ કરી તેમને આવાહન** કરવું. કેટલીયે વિશિષ્ટ પ્રતિભાઓ આ રીતે પરમાત્માના તપોવન સુધી પહોંચી છે. હવે તેમાં ગતિ લાવવાની છે. **જ્ઞાનપિપાસાવાળા આત્માઓ, અકાળે મૃત્યુ પામેલા, ભટકતા આત્માઓ, અશાંત આત્માઓને યોગનાં વાયબ્રેશન આપો** અને તેમને શાંત કરો.

લાઈટ હાઉસ બનીને ભિન્ન ભિન્ન લાઈટ્સનાં કિરણો (ભિન્ન ભિન્ન ગુણો અને શક્તિઓનાં) આપો. જેને જે ગુણ કે શક્તિની જરૂર હોય તે મેળવી સંતુષ્ટ થાય. મનસા સેવા કરનારે દિવ્યદૃષ્ટિથી નહીં પણ પરમાત્મા સમાન સ્થિતિથી સાક્ષાત્કાર કરાવવાનો છે. કારણ કે પ્રત્યક્ષને પ્રમાણની જરૂર નથી. **મનસા સેવા એવી કરો કે વિશ્વના ગ્લોબ ઉપર સર્વ આત્માઓ ઊભા રહીને આપ સૌના ચહેરામાં પરમાત્માને જુએ.** અનેક ધર્મો હોવા છતાં યથાર્થ પ્રભુ પરિચય, પ્રભુ પ્રેમથી વંચિત, અતીન્દ્રિયસુખની ઈચ્છાવાળાઓને મનસા સેવા બળ આપશે. વાયુમંડળ ગમે તેવું દૂષિત હોય પણ શ્રેષ્ઠ રુહાની વાયબ્રેશન મોકલવાથી વાયુમંડળ પણ બદલાઈ શકે છે. સાધકની રુહાની દૃષ્ટિ વૃત્તિથી ચુંબકની જેમ આત્માઓ ખેંચાઈને તેની પાસે આવે છે. આ સેવા કરનારે **જ્ઞાન સૂર્યની સ્થિતિમાં સ્થિત થઈને ભયભીત, હલચલવાળા આત્માઓને સર્વશક્તિઓનાં કિરણો આપવાનાં છે.** જેઓ ભિન્ન ભિન્ન પ્રકારે પીડિત છે. તેમને મનસા દ્વારા શક્તિઓનું દાન યા સહયોગ આપો. વાચા દ્વારા જ્ઞાનનું દાન આપો. સહયોગ આપો. સ્નેહ સંપર્ક દ્વારા ખુશીનું દાન આપો. તો તેઓ પ્રાપ્તિનો અનુભવ કરશે.

માત્ર મુખથી સેવા નહીં પણ મનસા, વાચા અને સ્નેહ સહયોગ રૂપી કર્મ. એક જ સમયમાં ત્રણે સેવાઓ એક સાથે કરો. જેનું સચોટ પરિણામ આવે છે. સાંભળેલી વાતો ભૂલી જવાય છે. પણ વાયુમંડળનો અનુભવ ભૂલાતો નથી. મનસા શક્તિ દ્વારા આત્માઓની દેહદૃષ્ટિ વિસરાય તેવી આત્મિકવૃત્તિ બનાવો, વાયુમંડળ બનાવો. સદા રહેમદિલ બનીને વિશ્વના આત્માઓને મનસાશક્તિ દ્વારા કંઈને કંઈ અંજલિ આપો. **વેસ્ટને ખતમ કરી બેસ્ટનો પ્રભાવ**

વાયુમંડળમાં ફેલાવવો તે મનસા સેવા કરનારનું લક્ષ્ય છે. શક્તિશાળી કિરણોની આધ્યાત્મિક શક્તિ સદા આપતા રહો. જેથી આત્માઓ સંપન્નતાનો અનુભવ કરે.

બ્રહ્માબાબાનાં મનસા વાયબ્રેશન કેટલાંયે આત્માઓને ઘેર બેઠાં સાક્ષાત્કાર કરાવતાં હતાં. એવો અવાજ સંભળાય કે કોઈ (પરમાત્મશક્તિ) આવ્યું છે જાઓ. આવો અનુભવ કેટલાયે બ્રહ્માવત્સોને થયેલો છે. મનસા સેવા એવી શક્તિશાળી હોય, જે આત્માઓને પ્રાપ્તિનો અનુભવ કરાવે. એવું વાયુમંડળ બનાવો કે કોઈપણ સામે આવે તે (૧) કંઈને કંઈ સ્નેહ પ્રાપ્ત કરે, (૨) સહયોગ મેળવે, (૩) ક્ષમાનો અનુભવ કરે, (૪) હિંમતનો અનુભવ કરે, (૫) ઉમંગ ઉત્સાહનો અનુભવ કરે.

વિશ્વસેવાધારીએ મનસા સેવાની શરૂઆત પોતાના સ્થાનથી, શહેરથી કરવી જોઈએ. તેના અસરકારક પરિણામ પછી દેશનું અને વિશ્વનું અસરકારક, પ્રભાવશાળી વાયુમંડળ બનાવી શકાય છે. મનસા સેવાથી દૂર દૂર સુધી ટચીંગ કરી શકાય છે. દૂરથી જ આપનો ચહેરો ચમકતા પ્રકાશ સ્વરૂપે દેખાશે. મનસા સેવા કરવા માસ્ટર જ્ઞાનસૂર્ય બનીને જ્ઞાનનો પ્રકાશ આપવાની સાથે સાથે કિરણોની શક્તિ આપીને દરેક આત્માના જૂના પુરાણા સંસ્કારોના કીટાણુઓનો નાશ કરીને જે આત્માનું પરિવર્તન કરવા ઈચ્છો તેને ઈમર્જ કરી અર્થાત નયનો સમક્ષ તેની તસ્વીર લાવી દરરોજ નિશ્ચિત સમયે યોગદાન આપો.

હજુ વિશ્વના ઘણા બધા આત્માઓને ઈશ્વરીય સંદેશ આપવાનો છે. આ સૌને પ્રત્યક્ષ રીતે મળીને સેવા કરતાં ઘણાં વર્ષો લાગે પણ મનસા સેવા દ્વારા સૂક્ષ્મ મશીનરીને ઝડપી બનાવી અનેક આત્માઓને સંદેશ આપી શકાય છે. જેઓ ભક્તિમાર્ગમાં છે પણ જેમની ધારણાઓ ઊંચી છે, શુદ્ધતા અને સાત્વિકતા છે. **પ્રભુ પ્રાપ્તિ માટે ટળવળે છે તેવા આત્માઓ પ્રત્યે મનસા સેવા કરવાથી તેમને જલદીથી જ્ઞાન, યોગનું તીર લાગી શકે છે.** તેઓ પરમાત્માને ઓળખીને, સત્વરે ઈશ્વરીય સંતાન બની શકે છે.

મનસા સેવામાં મહેનત ઓછી અને પરિણામ વધારે છે. જેમની મનસા સેવા કરીને સંબંધ સંપર્કમાં લાવી, રુહાની સ્નેહ આપી વારસ, માઈક આત્માઓને પ્રોત્સાહિત કરીશું તો તેવા આત્માઓ આંતરિક ખેંચાણ અનુભવીને પરમાત્માના ઘેર-મધુવન તપોભૂમિ યા સેવાકેન્દ્ર ઉપર પધારશે. **મનસા સેવા કરનારના મનમાંથી દરેક સમયે સર્વ આત્માઓ પ્રત્યે દુઆઓ નીકળતી જ રહેશે.** મનસા સેવા કરનાર સાધકે પોતાના તપસ્વી સ્વરૂપ દ્વારા પ્રકૃતિ, વાયુમંડળ, મનની નબળાઈઓથી બેચેન આત્માઓને સુખચેનની અનુભૂતિ કરાવવાની છે.

મનસા સેવાનાં પરિણામો

મીઠા સાકારબાબાએ દેશ અને વિદેશોમાં યોગનાં આંદોલનો પ્રસરાવ્યાં હતાં. તેના ફલ સ્વરૂપે આજે ભારત અને વિશ્વના 137 દેશોમાં સેવાકેન્દ્રોની સ્થાપના થઈ છે. અનેક વિશિષ્ટ પ્રતિભાઓ મધુવન તપોભૂમિ વરદાનભૂમિ પર પહોંચી છે. બાબાએ પ્રારંભમાં કહેલી વાતો આજની વાસ્તવિકતા બની ગઈ છે. આ મનસા સેવાની ત્રિકાળ દૃષ્ટિનું પરિણામ છે.

ભ્રાતા વિશ્વકિશોર (ભાઉ)નું સ્વાસ્થ્ય બગડતાં મુંબઈમાં હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. તેમને ખૂબ દર્દ થતું હતું. મીઠા બાબાએ આ સમાચાર જાણ્યા અને આખી રાત ઝૂંપડીમાં બેસીને ગહન તપસ્યા કરી મનસા સેવા કરી.

બીજે દિવસે મુંબઈથી માઉન્ટ આબુ ફોન આવ્યો કે ભાઉનું સ્વાસ્થ્ય સારું છે.

દિલ્હી રાજોરી ગાર્ડનમાં આજે બાબાનું ભવ્ય ભવન છે. તે જમીન હાથમાંથી ચાલી જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ત્યારે મનસા સેવા અને એડવોકેટ બી. કે. લાલચંદભાઈના નિષ્ઠાપૂર્વકના પ્રયાસોથી સફળતા મળી.

હાપુડમાં સંસ્થા વિરુદ્ધ તોફાની વિરોધ થયો હતો. આવા સમયે માતેશ્વરી જગદંબા સરસ્વતીજી ત્યાં પહોંચ્યાં. તેમની યોગયુક્ત મુદ્રા અને મધુરવાણીથી સૌ પ્રભાવિત થયાં, વિરોધ શમી ગયો.

હૈદ્રાબાદ શાંતિ સરોવરના નિર્માણમાં કાનૂની વિઘ્નો આવ્યાં પણ મનસા સેવા દ્વારા તે દૂર થયા. આજે શાંતિ સરોવરની યશગાથા આપણે સાંભળીએ છીએ.

દિલ્હીના લાલકિલ્લા મેદાનમાં આપણો કાર્યક્રમ ચાલતો હતો. તેવામાં તત્કાલીન રશિયાના પ્રમુખ બ્રેઝનેવ આવ્યા હતા. તેમના પ્રવચન માટે આ સ્થળ ખાલી કરવાનું હતું. પણ મનસા સેવાના પરિણામે આપણો કાર્યક્રમ યથાવત રહ્યો. રાષ્ટ્રપતિ બ્રેઝનેવના પ્રવચનનું સ્થળ બદલાયું.

સ્પાર્ક દ્વારા મનસા સેવાના જે પ્રોજેક્ટ હાથ ધરાયા છે તેનાં સુંદર પરિણામો જાણવા મળ્યાં છે.

રાજયોગી સૂર્યભાઈ અને અન્ય મહારથી ભાઈઓ-બહેનોએ સૂચવેલા મનસા સેવાના પ્રયોગો કરીને અનેક બ્રહ્માવત્સોએ ધ્યેય સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

મુખ્ય પ્રશાસિકા દાદી પ્રકાશમણિજીના સ્વાસ્થ્ય નિમિત્તે સર્વ સેવાકેન્દ્રોમાં સામૂહિક યોગાભ્યાસ કરવામાં આવ્યો હતો. આ છે સ્વાસ્થ્ય સંબંધી મનસા સેવા.

ભક્તિમાર્ગમાં એવાં દૃષ્ટાંતો મળે છે કે વિકારોને વશીભૂત થતાં પહેલાં જ ગુરુની પ્રેરણા કે સર્ચલાઈટથી શિષ્યો પાપકર્મ કરતાં અટકી ગયા હોય. તે રીતે માયાને વશીભૂત આત્માઓને ઓળખીને જો સતત મનસા સેવા કરવામાં આવે, તો તેમના પતનને રોકી શકાય છે.

સંસ્થાની પત્રિકાઓમાં જે અનુભવો પ્રકાશિત થાય છે જે હૃદયસ્પર્શી હોય છે. આ મનસા સેવાનું પરિણામ છે.

આમ આવા તો અનેક અનુભવો છે. જે ગ્રંથસ્થ કરવામાં આવે, તો અનેક ગ્રંથો રચાય. પ્રત્યેક બ્રહ્માવત્સના જીવનમાં કોઈને કોઈ ઉલ્લેખનીય અનુભવનું ભાથું છે જ.

આમ મનસા સેવા શક્તિશાળી માધ્યમ છે. માત્ર તેનો વિશ્વકલ્યાણ અને બેહદના હેતુઓ માટે ઉપયોગ થાય તે જરૂરી છે. બાબા, મમ્માએ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, રમણમહર્ષિ, ડોંગરે મહારાજ આદિએ કદી આ શક્તિનો ઉપયોગ પોતાના માટે કર્યો નહોતો. તેમની નજર માત્ર વિશ્વકલ્યાણ તરફ જ મંડાયેલી હતી.

મનસા સેવા માટે કોમેન્ટ્રી સાથે યોગ

હું આત્મા અવ્યક્ત બાપદાદાએ આપેલો મનસા સેવાનો આદેશ માથે ચઢાવું છું... મુજ આત્માએ મનસા સેવા કરવા માટેની યોગ્યતા ધારણ કરી લીધી છે... તેની કાર્ય પદ્ધતિ પણ જાણી લીધી છે. ... હવે મનસા સેવા કરવી અતિ સરળ બની છે.

હું આત્મા રહેમના સાગર શિવ પિતાનું સંતાન માસ્ટર રહેમદિલ છું. વસુધૈવ કુટુંબકમની ભાવના મુજબ આ સૃષ્ટિ પરનાં સૌ ભાઈઓ બહેનો

મારાં જ છે.. ઈશ્વરીય પરિવારનાં જ છે.

હું આત્મા લાલ પ્રકાશમયધામ પરમધામમાં મીઠા મીઠા શિવબાબાની સામે જાઉં છું... બાબા મને મનસા સેવા કરવા ભિન્ન ભિન્ન ગુણો અને શક્તિઓથી શક્તિશાળી બનાવી રહ્યા છે.... હું આત્મા પરમધામથી શક્તિસંપન્ન સ્થિતિમાં સૂક્ષ્મવતનમાં આવું છું. જ્યાં અવ્યક્ત બ્રહ્માબાબા સાથે હું આત્મા પણ મનસા સેવામાં જોડાઉં છું.

સતયુગના દેવી દેવતાપદની સ્મૃતિ લાવી દ્વાપરયુગ અને કલિયુગના ભક્ત આત્માઓને યોગદાન કરું છું. વળી સંગમયુગમાં બ્રાહ્મણમાંથી ફરિસ્તા બનીને મનસા સેવા કરું છું. વિશ્વના ગ્લોબ ઉપર ભિન્ન ભિન્ન પ્રકારે પીડિત દુઃખી, અશાંત, હતાશ આત્માઓને જોઉં છું. પ્રભુ પરિચય અને પ્રભુ મિલન માટે તડપતા આત્માઓને જોઉં છું. ભટકતા આત્માઓને પણ જોઉં છું.

હું આત્મા વિશ્વના દુઃખી, અશાંત આત્માઓમાંથી જેને જે ગુણ કે શક્તિની જરૂર હોય તેનું દાન કરું છું. જીવઘાત માટે તૈયાર થયેલા આત્માઓ, શાંત થાઓ ! ધીરજ ધરો ! જીવઘાત એ સમસ્યાઓનું સમાધાન નથી. કર્મના સિદ્ધાંત મુજબ બીજા જન્મમાં પણ સંચિત કર્મના આધારે કર્મોનો હિસાબકિતાબ તો ચુક્તે કરવો જ પડે છે. માટે હે આત્માઓ! આપને દુઃખોની મુક્તિ માટે, કર્મભોગને હસતે હસતે ચુક્તે કરવાનો રાહ બતાવું છું...

દુઃખી, અશાંત આત્માઓ અને ભક્તોનો પોકાર સાંભળીને પરમધામ નિવાસી પરમપિતા શિવ પરમાત્મા આ ધરતી ઉપર બ્રહ્માબાબાના માધ્યમ દ્વારા ઈ.સ. 1937થી આવી ચૂક્યા છે. ઈ.સ. 1969થી દાદી હૃદયમોહિનીજીના માધ્યમ દ્વારા અવ્યક્ત બાપદાદા સર્વાંગ સંપૂર્ણ જ્ઞાન અને રાજયોગ દ્વારા સર્વ સમસ્યાઓનું સમાધાન આપી રહ્યા છે....

માટે હે આત્માઓ ! પરમાત્માએ સ્થાપેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નજીકના સેવાકેન્દ્ર ઉપર પહોંચો. ત્યાં ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનો નિયમિત અભ્યાસ કરો. રાજયોગ દ્વારા પ્રાપ્ત થનારી અષ્ટશક્તિઓથી તમારી મોટાભાગની સમસ્યાઓનું સમાધાન મળી જશે... હે ભક્ત આત્માઓ ! કર્મકાંડ અને બ્રાહ્યાચાર કરીને તમે થાકી ગયાં છો. છતાં પણ પ્રભુના યથાર્થ પરિચય, પ્રભુપ્રેમ અને અતીન્દ્રિય સુખથી વંચિત છો. માટે સંગમયુગમાં અવ્યક્ત બાપદાદા અને નિમિત્ત દાદીઓ, દીદીઓ દિવ્યસ્નેહ દ્વારા રુહાની પાલના કરી રહ્યા છે. તમે સેવાકેન્દ્ર, મધુવન તપોભૂમિ વરદાનભૂમિ, શાંતિવનમાં પધારો. દુઃખ, અશાંતિ, વ્યસનો, વિકારો, ખરાબ આદતોથી મુક્તિ મેળવો...

વિશ્વના વારસ અને માઈક આત્માઓ! ભૌતક રીતે તો આપ સૌ સુખી છો. માનશાન, પદપ્રતિષ્ઠા, પ્રસિદ્ધિ, સત્તા, વૈભવ બધું જ તમારી પાસે છે... પણ શાંતચિત્તે મંથન કરશો, તો જણાશે કે તેમાં કંઈક ખૂટે છે. તે છે આધ્યાત્મિક શક્તિ. તમે ભક્તિ તો કરતા જ હશો પણ પરમાત્માના યથાર્થ પરિચય અને યોગની અનુભૂતિથી વંચિત હશો. તેથી મનમાં કંઈને કંઈ અજંપો, ચિંતા, તનાવ રહ્યા કરતાં હશે....

હવે જનકવિદેહી જેવું જીવન જીવવા માટે તત્પર થાઓ. તમને મળેલી સત્તા, સંપત્તિ એ ઈશ્વરની થાપણ છે. તમે એના ટ્રસ્ટી છો. વિશ્વમાં અનેક દુઃખી, અશાંત, પીડિત આત્માઓ છે... તેઓને ઈશ્વરીય સંદેશ આપવા માટે નિમિત્ત બનો. તમે આ ઈશ્વરીય પરિવારના જ સભ્ય છો. આપને

(અનુસંધાન પેજ નં. 10 પર)

અમૃતધારા

અમૃતવેળા

રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



અમૃતવેળાના યોગને નિરંતર શક્તિશાળી બનાવવા માટે સૌથી પહેલાં અમૃતવેળાએ ઉઠવાનો શોખ હોવો જોઈએ. એમાં સહેજ પણ આળસનું બહાનું કાઢવાથી એક ટેવ પડી જાય છે. એટલે ગમે તે થાય, ગમે ત્યાં હોવ, એમાં આળસુ ના બનો. અમે મમ્મા બાબાને જોયાં છે તેઓ સવારે બે વાગે યોગમાં બેસી જતાં હતાં. અંદરની લગન શક્તિશાળી ત્યારે જ બને છે જ્યારે લગન છે - આ મારે કરવાનું છે. અમૃતવેળાએ ઉઠવાના વિષયમાં મારે કમજોર બનવાનું નથી. તો બાપ (પરમાત્મા)ની મદદ ઘણી મળે છે. એવું બહાનું ના કાઢીએ કે હું મોડી સૂઈ ગઈ હતી, થાકેલી હતી તેથી મારી આંખ ઊઘડી નહીં. આ વાતની ખબર હોય તો તેમાં શક્તિ ભળે છે. આપણો આખો દિવસ સારો ગયો હશે, તો અમૃતવેળા શક્તિશાળી બનશે. દિવસભર પરચિંતનમાં ઉર્જા ખતમ થઈ ગઈ હોય તો સવારે ઉઠશો ત્યારે શક્તિ નહીં હોય. આળસ આવતી રહેશે, ખુશીથી બાબાને યાદ કરી શકીશું નહીં. તેમજ ખુશ રહેવાની શક્તિ નથી, તો ઉઠીને શું કરું? ઝોકાં ખાઈને કહેશે એનાથી સારું છે કે હું સૂઈ જાઉં. મારાથી ઉઠાતું નથી. આ રીતે સૂક્ષ્મ ઉર્જા ખર્ચવામાં બહુ કંજૂસ છું. ફલાણાને બાબા ટચ કરે એમાં પણ મારી ઉર્જા વેડફતી નથી. પોતાના પુરુષાર્થમાં પણ હું ખુશીથી પુરુષાર્થ કરું, તો ઉર્જા બનશે, સેવા થતી રહેશે. જો મુશ્કેલીમાં પુરુષાર્થ કરીશું, તો ઉર્જા વપરાય જશે. તો આખા દિવસની દિનચર્યાનો આધાર અમૃતવેળા જરૂર ખરાબ જશે. આ પણ એક સજા છે.

આપણામાં દિનપ્રતિદિન જેટલી સચ્ચાઈ, સફાઈ હશે એટલી અમૃતવેળા સારી હશે. મનની સફાઈથી અને સાચા દિલથી પુરુષાર્થ કરશો, તો પોતાની મેળે જ અમૃતવેળાએ ઊઠી જવાશે. ઈચ્છા થશે કે યોગમાં બેસી જાઉં. બાબાની પાસે. બાબા બાળકોને બોલાવે છે. તો બાબાની પાસે જઈને બેસો. અમૃતવેળા કરવાનાં ત્રણ લક્ષ્ય રહેશે. (૧) હું માતપિતાનો સપૂત બાળક યા સાજનની સાચી સજની છું. સાજન જાગતો રહે અને સજની ઊંઘતી રહે આ થઈ ના શકે. (૨) જ્યાં રહું છું ત્યાંનું વાયુમંડળ બનાવવા માટે અમૃતવેળાની યાદ શક્તિશાળી જોઈએ. આ આપણી ફરજ છે. (૩) વિશ્વભરના આત્માઓને આપણી દિનચર્યા જોઈને આશ્ચર્ય થાય છે. આપણે ઉઠીએ નહીં. ઝોકાં ખાઈએ તો એનો એના ઉપર પ્રભાવ પડશે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 09નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી

એ સ્મૃતિ આવી હશે. તમારી વિદ્વતા, ગુણો, શક્તિઓ, વિશેષતાઓનો ઈશ્વરીય કાર્યમાં સદુપયોગ કરી ૨૧ જન્મોના ઈશ્વરીય વારસાને પ્રાપ્ત કરો !

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

પ્રસન્નતાના પથ પર

ભાગ્ય આપણા હાથની રેખાઓમાં નથી, આપણા કર્મોમાં છે.

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

જીવનમાં ક્યારેય એવું બને છે કે વિચાર્યું હોય છે કંઈ અને બની જાય છે કંઈ. કેટલીકવાર આપણે પ્લાન બનાવીએ છીએ તે મુજબ જ થાય છે. બાળપણથી જ આપણને એવું શિક્ષણ આપવામાં આવે છે કે જે કંઈ બને છે તે પરમાત્માની મરજીથી બને છે. એક મિનિટ માટે વિચારીએ છીએ કે જો આ આખી દુનિયા ભગવાનની મરજીથી ચાલતી હોત તો આ દુનિયા કેવી હોત. ભૂકંપ આવે અને આટલા આત્માઓના ભાગ્યમાં દુઃખ લખીને ચાલ્યો જાય. જો તમે તમારા સંતાનોનું ભાગ્ય લખશો તો કેવું લખશો ? આપણાં ત્રણ બાળકો છે. એક આજ્ઞાકારી છે. બીજો મસ્તીખોર છે. તમે આ બન્નેનું ભાગ્ય લખશો તો કેવું લખશો ? કર્મનો સિદ્ધાંત છે જેવું કર્મ તેવું ફળ. એક કહે છે જે કંઈ થઈ રહ્યું તે પરમાત્માની મરજીથી થઈ રહ્યું છે. બીજો કહે છે જેવું કર્મ કરીએ છીએ તેવું ફળ મળે છે. બન્નેને ચેક કરીએ કોણ સાચા છે ? કોણ ખોટા છે ? આજે આપણાં કર્મ પરફેક્ટ નથી. કેટલાંક કર્મો શ્રેષ્ઠ છે તો કેટલાંક સાધારણ છે. આપણાં કર્મો સરખાં નથી. બીજી વાર કંઈ થશે તો કહેશે કે મારી સાથે આવું કેમ થાય છે ? ત્યારે આંગળી ઉપર તરફ જતી નથી આપણી તરફ જાય છે. આપણે એવાં કર્મો ના કરીએ જેથી કરીને બીજાનું મસ્તિષ્ક ડીસ્ટર્બ ન થાય. હું બીજાને ડીસ્ટર્બ કરીશ તો મારું મન શાંત રહેવાનું નથી. જેવું કર્મ તેવું ફળ. કારણ કે આપણી બીજાની સાથે જે વ્યવહાર કરીએ છીએ તેવી જ ઉર્જા પાછી આવે છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 14નું અનુસંધાન)... ઘરને બનાવીએ સ્વર્ગ

આદર સન્માનનું વાતાવરણ બની જશે.

૫. વાતાવરણ સરળ બનાવો

સંસ્કાર સરળ હશે, તો વાતાવરણ સરળ બનશે. આપણા સંસ્કારો ટાઈટ ના હોય. વાતાવરણ ભારે ના હોય, હળવું હોય. જે ઘરમાં મા-બાપની સ્થિતિ સારી હશે, એનાં બાળકો બગડશે નહીં. એવું કંઈ પણ હોય, તો સરળ થઈને સામનો કરો. હળવા બનો.

૬. બોલ પર ધ્યાન રાખવું

આપણા બોલ બહુ મીઠા હોય, આપણા બોલ વરદાનોથી ભરપૂર હોય,

૭. ઈષ્ટદેવી સ્વમાનનો અભ્યાસ

હું ઈષ્ટદેવી છું.... આ સ્વમાનમાં રહો. ઈષ્ટદેવીનાં વાયબ્રેશન જેવાં હશે તેવું ઘરનું વાતાવરણ હશે.

૮. સહયોગના માટે પ્રશંસા કરો

પરિવારમાં એક બીજાના કાર્યોની પ્રશંસા કરો, સહયોગ આપો.

॥ ઓમશાંતિ ॥

શિવરાત્રિનો આધ્યાત્મિક સંદેશ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

પરમપિતા પરમાત્માની અવતરણ ભૂમિ ભારતદેશ અધ્યાત્મપ્રધાન દેશ છે. અહીંના બધાં વ્રત અને તહેવારો પરમપિતા પરમાત્માના દિવ્ય અવતરણ તથા અલૌકિક કાર્યકલાપોની સ્મૃતિ અપાવે છે અને એક આધ્યાત્મિક સંદેશ લઈને આવે છે.

શિવજયંતી નિરાકાર પરમપિતા ત્રિમૂર્તિ શિવના દિવ્ય અલૌકિક અવતરણનો પાવન સ્મરણોત્સવ છે. શિવરાત્રિ મહાવદ ચૌદશના દિવસે આવે છે. શિવરાત્રિ એ અજ્ઞાન અંધકાર અને તમોપ્રધાનતાનું પ્રતીક છે. કલ્પના અંતમાં જ્યારે સૃષ્ટિ પર અજ્ઞાન અંધકાર છવાય જાય છે. કામક્રોધાદિ મનોવિકારોને વશીભૂત થઈને માનવ દુઃખી અને અશાંત થઈ જાય છે. અસુરોના અત્યાચારથી માનવતા ત્રસ્ત થઈ જાય છે ત્યારે ફરીથી જ્ઞાન પ્રકાશ ફેલાવવા પાવન દેવસૃષ્ટિની સ્થાપના કરવા માટે જ્ઞાનસૂર્ય નિરાકાર પરમાત્મા શિવનું દિવ્ય અવતરણ થાય છે. મૃત્યુંજય પરમાત્મા શિવ અજન્મા છે. એમનો જન્મ માતાના ગર્ભ દ્વારા થતો નથી. સતયુગી દુનિયાની સ્થાપના માટે તેઓ સાધારણ વૃદ્ધ તનમાં પ્રવેશ કરે છે. તેનો ઉલ્લોખ ભગવદ્ગીતામાં છે.

अवजानन्ति माँ मूढा मानुषी तनुमाश्रितम्

परमंभावं जानतो, मम भूतो महेश्वरम्

પરમાત્મા જે તનમાં દિવ્ય અવતરણ કરે છે એમનું નામ 'પ્રજાપિતા બ્રહ્મા' (પૂર્વાશ્રમમાં હીરા-ઝવેરાતના પ્રસિદ્ધ વ્યાપારી દાદા લેખરાજ) રાખે છે. નિરાકાર પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્માના તનમાં દિવ્ય પ્રવેશ કરે છે અને જ્ઞાનયજ્ઞ રચે છે જેમાં સમગ્ર આસુરી સૃષ્ટિની આહુતિ પડે છે. આ યજ્ઞ દ્વારા બ્રહ્મામુખ વંશાવલી બ્રહ્માકુમાર-બ્રહ્માકુમારીઓની રચના કરે છે જેનાથી સતોપ્રધાન સૃષ્ટિની સ્થાપનાનું કાર્ય 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય' દ્વારા પરમાત્મા કરાવી રહ્યા છે.

આજે ગીતાના વાયદા અનુસાર ફરીથી ધર્મગ્લાનિ થઈ રહી છે. માનવમાત્રનું ચારિત્રિક, નૈતિક અને આધ્યાત્મિક પતન ચરમસીમા સુધી પહોંચી રહ્યું છે. વિજ્ઞાનનો અતિવિકાસ અને વસ્તીવધારો થઈ રહ્યો છે. આવા સમયમાં કલ્પની મહાનતમ ઘટના અને દિવ્યસંદેશ સંભળાવતાં અમને અપાર હર્ષ થઈ રહ્યો છે કે કલિયુગના અંત અને સતયુગના આદિના આ કલ્યાણકારી પુરુષોત્તમ યુગ પર જ્ઞાન સાગર, કરુણાના સાગર, પતિત પાવન, સદા જાગતી જ્યોતિ, સ્વયંભૂ પરમાત્મા શિવ જીવાત્માઓની બુઝાઈ ગયેલી જ્યોતિને ફરીથી પ્રજ્વલિત કરવા માટે આજે એમના દિવ્ય અવતરણની 83મી શિવજયંતી ઉજવી રહ્યા છીએ. તેથી લુપ્ત થયેલા ગીતા જ્ઞાન તથા સહજ રાજયોગના શિક્ષણ દ્વારા જીવાત્માઓને પતિતમાંથી પાવન, સતોપ્રધાન, સતયુગી દૈવી સ્વરાજ્યની સ્થાપના માટે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા આધ્યાત્મિક ક્રાંતિ કરાવી રહ્યા છે.

શિવના માટે સૌગાત (ભેટ)

આજે આપણે ભિન્ન ભિન્ન જયંતીઓ

ઉજવીએ છીએ. પણ પતિતપાવન, પરમપ્રિય, પરમપૂજ્ય, પારલૌકિક પરમપિતા પરમાત્માની દિવ્યજયંતી જ હીરા સમાન છે. તેથી પતિત પાવન જયંતી કેટલા ઉમંગ ઉત્સાહથી ઉજવવી જોઈએ ! જન્મોત્સવ વખતે ભેટ આપવાની પ્રથા છે. શિવ પર તો આકડો અને ધંતૂરો ચઢાવવામાં આવે છે. તેથી આપ પણ પોતાના જીવનમાં દુઃખ, અશાંતિ પેદા કરનારા કામ ક્રોધ, લોભ, મોહ, અહંકારરૂપી હળાહળ, શિવને અર્થાત્ મૃત્યુંજય, પતિતપાવન પરમાત્મા શિવને ભેટ ચડાવી દઈએ અને સ્વયં પાવન નિર્વિકારી બનવાનું પાનનું બીડું ઉઠાવીએ તેના ફળસ્વરૂપે આપને પૂર્ણ પવિત્રતા, સુખ, શાંતિનો ઈશ્વરીય જન્મસિદ્ધ અધિકાર અવશ્ય જ પ્રાપ્ત થશે.

શિવસંદેશ

હે માયાની મોહક ઊંઘમાં સૂઈ જનાર જીવાત્માઓ ઉઠો. શું તમને એ દેખાતું નથી કે જે પતિત પાવન પરમાત્મા શિવને તમે જન્મ-જન્માંતરથી પોકારતા રહ્યા, જેને મળવા તમે કઠોર તપસ્યા કરી છે. જંગલ, ગુફાઓ ફરી વળ્યા છો, તે પ્રેમસાગર પરમાત્મા તમને પતિતમાંથી પાવન બનાવવા માટે પોતાનું પરમધામ છોડીને આ સૃષ્ટિરંગમંચ પર પધારીને સ્વયં પોતાનું કાર્ય કરી રહ્યા છે. તમે હવે દેહઅભિમાન છોડીને આત્માનું જાગરણ કરો. પૂર્ણ પવિત્રતાનું સાચું વ્રત લો. વિકારોનો ઉપવાસ કરો. માયાનું વિષપાન છોડીને જ્ઞાનામૃતનું પાન કરો. એના ફળ સ્વરૂપે તમને 21 જન્મો માટે અમર દેવપદની પ્રાપ્તિ થશે જ્યાં મૃત્યુનો પ્રવેશ પણ નહીં હોય. પ્રેમનું અખંડ સામ્રાજ્ય હશે. ઘી-દૂધની નદીઓ વહેશે. હીરા ઝવેરાતના સુસજ્જિત મહેલોમાં નિવાસ હશે..

॥ ઓમશાંતિ ॥

નજરની અણધારી અસર .!

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

જ્ઞાનસાગર પરમાત્માએ જણાવ્યું છે કે સૃષ્ટિચક્ર અનુસાર સંગમયુગની અલૌકિક ઘટનાઓની યાદગાર લૌકિક દુનિયામાં જોવા મળે છે. એ અનુસાર એક રસપ્રદ અત્રે રજૂ કરેલ છે.

વર્ષો પહેલાં પ્રાથમિક શિક્ષણમાં એક પાઠ ભણવામાં આવતો જેનું શીર્ષક હતું 'કોણ અપશુકનિયાળ ?' તેમાં એક સવારના પહોરમાં બાદશાહ ઝરૂખામાં આવીને નજર કરે છે તો એક સફાઈ કામદાર સાવરણાથી પોતાનું મોઢું ઢાંકતો જોવા મળે છે. આમ છતાં બાદશાહ તેનું મોઢું જોઈ જાય છે. સંજોગવશાત્ બાદશાહને તે દિવસે સાંજ સુધી જમવાનું ન મળતાં મનમાં વિચાર આવે છે કે, 'આજે સવારના પહોરમાં કોનું મોઢું જોયું હતું કે આજે જમવાનું ન મળ્યું ?' તરત તેને યાદ આવ્યું કે સાવરણાવાળો સફાઈ કામદાર જોવા મળેલ. આથી અપશુકનિયાળ ગણીને મોતની સજા કરવામાં આવે છે.

પેલા સફાઈ કામદારને દેહાંત દંડ દેતા પહેલા પૂછવામાં આવે છે કે 'તારે કંઈ કહેવું છે ?' પેલો કામદાર કહે છે 'હા' તો તેને કહેવાની રજા અપાય છે. સફાઈ કામદાર પોતાના મનની વાત કહે છે કે 'મારું મોં જોવાથી બાદશાહને જમવાનું ન મળ્યું જ્યારે મેં બાદશાહનું મોં જોયું તો મને દેહાંત દંડની સજા કરવામાં આવી તો કોણ અપશુકનિયાળ ?'

આ સાંભળી બાદશાહે તેની દેહાંત દંડની સજા માફ કરી. **॥ઓમશાંતિ ॥**

ઘરને બનાવીએ સ્વર્ગ

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

કેટલીયે વાર આપણે સાંભળ્યું છે 'त्वमेव माताश्च पिता त्वमेव...' ભગવાન આપણા માતપિતા છે અને આપણે એનાં સંતાનો છીએ. તો ભલા મારા જીવનમાં કોઈપણ પ્રકારનો અભાવ રહેશે. માત્ર કલ્પના કરો કે પરમાત્મા મારા બાપ છે અને હું એમનું સંતાન છું. જેમના બાપ સર્વશક્તિવાન, સર્વ ખજાનાઓના ભંડાર છે તો પછી મારા જીવનમાં કમી શા માટે ? પણ શું આ સંબંધ સાચા અર્થમાં છે ? જો હા... તો જ્યાં પરમાત્મ પ્રકાશ અને સંબંધોનું ઊંડાણ હશે ત્યાં સર્વકાંઈ હશે. શું આવું આપની સાથે છે ? જો આમ નથી તો ક્યાંક સંબંધોમાં મજબૂતીની કમી છે. બસ એને ઠીક કરવાની આવશ્યકતા છે. પ્રશ્ન થાય છે કે કઈ રીતે કરીએ ? શું કરીએ ? આ કઠણ નથી, બહુ સરળ છે. ભગવાન પરમપિતાને સમજવા તથા એમની સાથે સંબંધ જાળવી રાખવો. પરમાત્મા એટલે હું આત્મા અને તેઓ મારા પરમપિતા. હવે જો જીવનમાં સુખ જોઈએ તો પિતાની સાથે વાત કરો. સંવાદ જાળવી રાખો. સ્વયંને પાત્ર અને યોગ્ય બનાવો. પરમાત્મા સાથેના સંબંધના અધિકારી બનો. પછી જુઓ આપના જીવનને. એ માટે ભગવાનને રોજ મનમંદિરમાં બોલાવો. પોતાના ઘરમાં બોલાવો અને વાત કરો. પોતાના જીવનને એમના દિશા નિર્દેશ પ્રમાણે ચલાવો. એના માટે કેટલાક વિચારબિંદુઓ પર વિચાર કરીને તેને વ્યવહારિક બનાવો.

૧. વારંવાર ભગવાનનું ઘરમાં આવાહ્ન

જે ઘરમાં પાંચ વખત ભગવાન આવે, તો તે ઘર મહાન તીર્થ બની જશે. ભગવાનનાં વાયબ્રેશન જે ઘરમાં પાંચ વાર ફેલવા લાગે, તે ઘર નિર્વિઘ્ન બની જશે. આપણને એ નિશ્ચય હોય, વિશ્વાસ હોય કે ભગવાન આવી જશે. એમને આવતા જુઓ... જોવાનો આનંદ લો. પરમાત્માએ કહ્યું છે કે ભગવાનનાં બાળક બોલાવે અને બાપ ના આવે, તે હોય નથી શકતું. મદદ માટે ઉપયોગમાં લો. જ્યારે તમે હજાર ભુજાઓવાળાને છોડીને બે ભુજાઓવાળા પાસે જાઓ છો, તો બાપ વિચારે છે કે હવે એના માટે શું કરીએ.

૨. પોતાના ઘરને યજ્ઞ બનાવી દો.

પ્યારા બાબાએ કહ્યું છે કે જે બાળકો ઘરને બાબાનો યજ્ઞ સમજે છે, તેઓ બાબાના ભંડારમાંથી જ ખાય છે. એમના ભંડાર તથા ભંડારી સદા ભરપૂર રહે છે. એની જવાબદારી બાબા પર આવી જાય છે.

3. બાબાને ઘરની મુખ્ય વ્યક્તિ બનાવી લો.

આપણે આપણા ઘરના હેડ, મુખ્ય વ્યક્તિ બાબાને બનાવી લઈએ, તો સર્વ સમસ્યાઓ સમાપ્ત થઈ જશે. પૈસા જોઈએ, કોઈ કામ છે, તો બાબાને કહી દો. બધું થઈ જશે.

૪. આત્મિક દૃષ્ટિ

વારંવાર ઘરના સભ્યોને આત્મા રૂપમાં જુઓ. સંકલ્પ કરો... આ મહાન આત્માઓ છે. આ દેવકુળના રોયલ આત્માઓ છે. આ ઈષ્ટ દેવ દેવી બનનારા આત્માઓ છે. એનાથી ઘરમાં રિગાર્ડ,

(અનુસંધાન પેજ નં. 11 પર)

મનને સમજી ગયા તો એને ચલાવવું સરળ થશે.

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ

કોઈ નકારાત્મક વિચારે છે તો આપણે એમને શું આપીએ છીએ ? આપણે એમને કહીએ છીએ કે નકારાત્મક શા માટે વિચારો છો હકારાત્મક વિચારોને ? એને સલાહ આપી દીધી. પરંતુ જ્યારે આપણે પણ નેગેટીવ વિચારીએ છીએ તો કોઈ આપણને કહે છે કે તમે તો સલાહ આપી રહ્યા હતા તો હવે શું થઈ ગયું ? તો આપણે શું કહીએ છીએ તારી વાત અલગ છે મારી વાત અલગ છે. તારી વાતમાં તો આજેય કહું છું કે તું નેગેટીવ વિચારી રહ્યો છે. પણ મારો કેસ તો અલગ જ છે ને. એમાં તો મારે એવું તો વિચારવું પડે ને. હું તો વાસ્તવિક વિચારી રહ્યો છું. પોતે જે બોલે છે તેને તે વાસ્તવિક કહે છે બીજાએ વિચાર્યું તે ખોટું વિચાર્યું. એટલે કહેવામાં આવે છે કે હકારાત્મક વિચારવું એ સલાહ આપવા પૂરતું છે. આપણે બીજાઓને સલાહ આપીએ છીએ પણ પોતાને લાગતું વળગતું નથી. આપણે સ્વયં માટે તે અમલમાં લાવવું જોઈએ.

બાહ્ય સ્વરૂપમાં જોઈએ તો ખુશી ક્યાંથી મળશે ? ખુશીને બહાર શોધવાનું ચાલુ કરીએ છીએ. ખુશીને ભૌતિક પદાર્થોમાં શોધીએ છીએ. આમ આપણે પણ તેનો શિકાર બની જઈએ છીએ.

બહારથી ખુશી શોધવાનો પ્રયાસ કર્યો શું બહારથી ખુશી મળશે ? એટલે મોટા મોટા મહાત્માઓ પણ કહે છે ખુશી બહાર નહીં અંદર છે. સુખ બહાર નથી, અંદર છે. શાંતિ બહાર નથી અંદર છે. આપણી અંદર જે શક્તિ છે તેને જાગ્રત કરવાની છે. એને બહાર લઈ આવવાની છે. પણ આપણે બાહ્ય પ્રભાવને આધીન બનીને એના ગુલામ બની જઈએ છીએ. ત્યારે આપણને આપણી ખુશી મળતી નથી તે ચાલી જાય છે. એટલે આધીનતા કદી ખુશીનો અનુભવ કરવા દેતી નથી. એને આધીન થઈ ગયા તો પોતાનું લક્ષ્ય સમાપ્ત થઈ ગયું. પોતાનું જે અસ્તિત્વ રહેવું જોઈએ તે રહ્યું નહીં. એટલે આપણને બીજાઓ પાસેથી સન્માન માગવું પડે છે. જો કોઈએ સન્માન ના આપ્યું તો આપણે ડીસ્ટર્બ થઈ જઈએ છીએ. આપણે કહીએ છીએ તે પોતાને શું સમજે છે. આપણું સન્માન જ રાખતો નથી.

સન્માન માગવાની ચીજ નથી તે પ્રાપ્ત કરવાની ચીજ છે. એટલે કહેવાય છે અહંકાર અને આત્મસન્માનમાં ફરક છે. કેટલીકવાર આપણે કરીએ છીએ અભિમાન પણ તેને સન્માન સમજીએ છીએ. અભિમાન કોને કહેવાય અને સ્વમાન કોને કહેવાય ? અભિમાન શબ્દ બે શબ્દોથી બનેલો છે અભિ + માન. મોટાઓનું અભિમાન કયું કયું છે ? બધાએ મારી વાત માનવી જોઈએ. મારી વાત સ્વીકારી લીધી તો સંતુષ્ટ , ના સ્વીકારી તો ગુસ્સો. નાનાનું અભિમાન કેવું હોય છે ? હમણાં હમણાં જ માન મળવું જોઈએ. અમે જે કર્યું છે તેની કદર તો છે જ નહીં. એના માટે પ્રશંસાના બે શબ્દો પણ નથી. માન કોઈને આપીએ તો માન મળે. તમે કોઈને સહયોગ આપશો તો તમને સહયોગ મળશે. આપ કોઈની સાથે પ્રેમ કરશો તો તમને પ્રેમ મળશે. બાબાએ કહેલી આ વાતો ગહનચિંતન માંગી લે તેવી છે.

॥ ઓમશાંતિ ॥

સ્મરણાંજલિ

બ્ર.કુ. રમેશભાઈ શાહ, ગામદેવી, મુંબઈ



વિશ્વકિશોરદાદા એક વાર મુંબઈમાં સેવા અંગે વોટરલૂ મેન્શન સેવાકેન્દ્ર પર રોકાયા હતા. જ્યારે તેમને મળવા હું પહોંચ્યો તો મેં જોયું કે એમની બુદ્ધિમાં કોઈ વાતનું ચિંતન ચાલતું હતું. મેં દાદાને કહ્યું, 'દાદા આપ શું વિચારો છો?' દાદાએ ઉત્તર આપ્યો, 'હું જોઉં છું કે આ બહેન ખૂબ કાર્ય કરીને થાકી જાય છે અને વારે વારે આરામ કરે છે. જરૂર તેને કોઈ બીમારી છે. પરંતુ શરમને લીધે અથવા કાર્યની અધિકતાને લીધે કોઈને કહેતી નથી. આનો ઉપાય શું હોઈ શકે ?'

દાદાની આ વાતથી આપણને જ્ઞાન થાય છે કે મોટાઓની ફરજ છે કે પોતાના નાના સેવાસાથીઓનું દરેક પ્રકારે ધ્યાન રાખે. એમને માટે સમય ફાળવવો એ પણ જરૂરી બાબત છે.

દાદા વિશ્વકિશોરના ઓપરેશન અંગે એ દિવસોમાં હું મધુવન ગયો હતો. એમનું ઓપરેશન મુંબઈમાં થવાનું હતું. તેથી મારે દાદાને લઈને મુંબઈ આવવાનું હતું. તો જ્યારે હું અને દાદા મુંબઈ જવા માટે બ્રહ્માબાબા પાસે વિદાય લેવા ગયા, તો વિદાયના સમયે પ્યારા બ્રહ્માબાબાએ ચંદ્રહાસ-દાદાને ફોટો કેમેરા લાવવાનું કહ્યું. ત્યારે મને આશ્ચર્ય થયું હતું, કારણ કે સાકારબાબા તો પતિત શરીરનો ફોટો લેવા રસ નહોતા લેતા અને જો કોઈ બ્રહ્માવત્સ બાબાનો ફોટો લેવા ઈચ્છે, તો બાબા ના પાડી દેતા હતા. પરંતુ આજે તો બાબાએ પોતે જ ફોટો લેવા કેમેરો મંગાવ્યો હતો. ખેર,



ચંદ્રહાસદાદા કેમેરો લઈ આવ્યા અને બ્રહ્મા-બાબાએ અમારા બન્નેની સાથે ઊભા રહીને ફોટો પડાવ્યો. ત્યારપછી ઓપરેશનના પાંચ, છ દિવસ પછી દાદા વિશ્વકિશોરનું શરીર છૂટી ગયું. ત્યારે પ્યારા બાબાએ આ મહાવાક્યો ઉચ્ચાર્યાં.

'બચ્ચેકો માલૂમ થા કિ ઓપરેશન કે બાદ ઠીક નહીં હોના હૈ ઔર અગ્રીમ સેવા કે લિએ યહ પુરાના શરીર છોડકર એડવાન્સ પાર્ટીમેં જાના હૈ ! ઈસલીએ મધુવન સે વિશેષ ખાતરી સહિત ઉનકી વિદાઈ હુઈ. ઓપરેશન ટેબલ પર હી ઉસકા શરીર છૂટના થા, લેકિન ડોક્ટર બદનામ ન હો જાયે ઈસલીએ બાબાને બચ્ચે કો ચાર પાંચ દિન આયુષ્ય કે બઢા દીએ.'

બાબાનાં આ મહાવાક્યો સાંભળીને મારી સમજમાં આવ્યું કે ત્યારે બાબાએ અમારા બન્નેની સાથે ફોટો કેમ ખેંચાવ્યો હતો. મુંબઈ જતી વખતે દાદા વિશ્વકિશોર મને ટ્રેનમાં એમ કહેતા હતા કે 'હવે મારો પાર્ટ પૂરો થઈ ગયો છે. યજ્ઞની જવાબદારી સંભાળવા માટે આપ સૌ શક્તિશાળી છો. તેથી બાબા મને આગળનું કાર્ય કરવા - કરાવવા માટે બોલાવી રહ્યા છે.' આ રીતે એમને

પોતાના ભવિષ્ય પાર્ટનું પૂરેપૂરું જ્ઞાન અગાઉથી જ હતું.

મારી વ્યક્તિગત માન્યતા હતી કે ભાષણને માટે પૂર્વ તૈયારી કરવી જોઈએ અને ત્યાર પછી જ સંદલી (આસન) પર બેસીને બોલવું જોઈએ. પરંતુ મનબુદ્ધિ બાબાને સમર્પિત કરીને ભાષણ કરવાની માતેશ્વરીજીની આ વિશેષતાને શીખવાથી મને અનેકવાર બાબાની મદદ મળી છે આ સંબંધમાં એક અનુભવનો અહીં ઉલ્લેખ કરું છું. થોડા દિવસો પહેલાંની વાત છે કે એક સેવાકેન્દ્ર પર ક્લાસ વખતે જ્ઞાનની કેટલીક વાતોનું વિસ્તારપૂર્વક સ્પષ્ટીકરણ કર્યું. ક્લાસ પછી એક ભાઈએ મને કહ્યું. - 'રમેશભાઈ! આજે ક્લાસમાં આપે જે વાતોની વિસ્તૃત વ્યાખ્યા કરી તે પોતાના અનુભવના આધારે સ્પષ્ટીકરણ કર્યું એ મારા વ્યક્તિગત પુરુષાર્થને લગતી છે. એકવાર મેં સેવાકેન્દ્રની મુખ્ય બહેન સાથે પણ એ બાબતમાં ચર્ચા કરી હતી. મેં એમને એમ પણ વિનંતી કરેલી કે આ બાબતમાં આપ કોઈને કશું બતાવશો નહીં. પરંતુ જુઓ, મારી તે વ્યક્તિગત સમસ્યા આપને બતાવી દીદી.' ત્યારે મેં એ ભાઈને મમ્માની ઉપરોક્ત વિશેષતાનું વર્ણન કર્યું અને કહ્યું - ક્લાસ શરૂ કરતાં પહેલાં મેં પણ પોતાનાં મન બુદ્ધિને બાબાને સમર્પિત કરી દીધાં હતાં. તેથી બાબાએ આ ક્લાસ માટે જે જરૂરી પોઈન્ટ્સ ગણ્યા તે મારા મુખેથી કહેવડાવ્યા. બાકી મને આપના સેવાકેન્દ્રની બહેને કશું કહ્યું નથી.'

જ્યારે આપણે એડવાન્સ પાર્ટીમાં ગયેલા આત્માઓ વિશે વિચારીએ છીએ તો માતેશ્વરીજી, દીદી મનમોહિનીજી, દાદા વિશ્વકિશોરજી, દાદી વૃજઈન્દ્રાજી, દાદી પુષ્પશાંતાજી, ચંદ્રમણિ દાદી, હસમુખભાઈ, વરિષ્ઠ રાજયોગી જગદીશચંદ્રજી, આનંદકિશોર દાદા, મીઠ્ઠુબેન વગેરે નામો આપણા સ્મૃતિપટ પર આવી જાય છે. **॥ઓમશાંતિ॥**

(પેજ નં. 25નું અનુસંધાન)... શિવ સંદેશ

સહજ રાજયોગનું શિક્ષણ આપીને 5000 વર્ષ પહેલાંની માફક ફરીથી સતયુગી દૈવી સ્વરાજ્યની સ્થાપના કરાવી રહ્યા છે. તેથી એમને મારા તરફથી નિમંત્રણ આપો કે અહીં (બ્રહ્માકુમારીઝ) આવીને આ ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ મેળવો તથા પવિત્ર બનીને મારી પાસેથી મુક્તિનો તથા 21 જન્મોને માટે સંપૂર્ણ પવિત્રતા, સુખ અને શાંતિ સંપન્ન સતયુગી દૈવી સ્વરાજ્યનો ઈશ્વરીય જન્મસિદ્ધ અધિકાર પ્રાપ્ત કરો એમને સ્પષ્ટ રીતે જણાવો કે નજીકના ભવિષ્યમાં અણુશસ્ત્રો, ગ્રહયુદ્ધ તથા પ્રાકૃતિક આફતો દ્વારા કલિયુગી સૃષ્ટિનો મહાવિનાશ થવાનો જ છે. આથી આની પહેલાં જ આ ઈશ્વરીય જન્મ સિદ્ધ અધિકાર પ્રાપ્ત કરી શકે છે. अभी नहीं तो कभी नहीं. अब नहीं कब नहीं. **॥ઓમશાંતિ॥**

(પેજ નં. 29નું અનુસંધાન)... નારીનો સર્વાંગી

તાજેતરની લોકસભાની ચૂંટણીમાં મથુરા મત વિસ્તારમાં સંસદસભ્ય તરીકે ચૂંટાયાં છે.

રાજકીય

આ ક્ષેત્રે પણ ઘણી ઉન્નતિ થઈ છે તેનું વિવરણ આગળ આવી ગયું છે.

ધાર્મિક - આધ્યાત્મિક

ગાંધીજી, વિનોબા ભાવે, પૂજ્ય મોટા અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના નિમિત્ત સ્થાપક પ્રજાપિતા બ્રહ્માએ જ્ઞાનનો કળશ કન્યાઓ, માતાઓને આપીને વંદનીય કાર્ય કર્યું છે. માતેશ્વરી જગદંબા સરસ્વતીજીની સેવા અણમોલ છે. જેમના માટે પુસ્તક લખાયું છે.

॥ ઓમશાંતિ ॥

સફળતાનું રહસ્ય

બી.કે. વિનાયક, શાંતિવન, આબુરોડ

પ્રસિદ્ધ મહાત્મા નિત્યાનંદજીએ એકવાર પોતાના શિષ્યોને વાંસમાંથી બનેલી ડોલો પકડાવીને કહ્યું, 'જાઓ આ ડોલોમાં નદીમાંથી જળ ભરી લાવો. આશ્રમમાં સફાઈ કરવાની છે.'

ગુરુની આ વિચિત્ર આજ્ઞાને સાંભળીને શિષ્યો આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે કહ્યું વાંસની બનેલી ડોલોમાં પાણી ભરીને કઈ રીતે લાવી શકાય. આમ છતાં બધા શિષ્યોએ ડોલો લીધી અને જળ લેવા નદીની તરફ ચાલી નીકળ્યા. તેઓ ડોલોમાં પાણી નાંખતા તો તે બહાર જતું રહેતું હતું.

તેથી નિરાશ થઈને, એક દેવવ્રત સિવાય બાકીના શિષ્ય પાછા આવ્યા અને ગુરુજીને પોતાની તકલીફ જણાવી. પણ દેવવ્રત બરાબર જળ ભરતો રહ્યો. સાંજ પડવા છતાં આ પ્રકારનો શ્રમ તે કરતો રહ્યો. સતત પાણી પડવાને કારણે વાંસની સળીઓ ફૂલી ગઈ અને છિદ્ર બંધ થઈ ગયું. ત્યારે તે ઘણો રાજી થયો. તે ડોલમાં પાણી ભરીને ગુરુજી પાસે ગયો.

જળથી ભરેલી ડોલ જોઈને ગુરુજીએ દેવવ્રતને શાબાશી આપી. બીજા શિષ્યોને સંબોધન કરતાં કહ્યું કે 'વિવેક, ધૈર્ય, નિષ્ઠા તથા નિરંતર પરિશ્રમ કરવાથી દુર્ગમ કાર્યને પણ સુગમ બનાવી શકાય છે.' મનુષ્યમાંથી દેવતા બનવા ઈચ્છતા પુરુષાર્થીઓ સામે આ પ્રસંગ એક માર્ગદર્શક ઉદાહરણ છે.

પરમ સદ્‌ગુરુ શિવ પરમાત્મા કહે છે, 'મીઠાં બાળકો પોતાને આત્મા સમજીને તે મુજબ પરમપિતા, પરમાત્માને નિરંતર યાદ કરો તો આસુરી સંસ્કારો ભસ્મ થઈને દૈવી સંસ્કાર ધારણ થઈ જશે.' પરંતુ આપણે એ વિચારીએ છીએ કે આ કઈ રીતે થશે ? ગમે તેટલા પ્રયાસ કરો પણ ઈશ્વરીય યાદ ટકતી નથી. આપણે દિનભર સેંકડો દેહધારીઓના સંબંધ - સંપર્કમાં આવવું પડે છે. સવારથી રાત સુધી કર્મક્ષેત્ર પર રહેવું પડે છે. કર્મેન્દ્રિયો પણ પોતાની ચંચળતા દેખાતી રહેતી હોય છે. પરિસ્થિતિઓ હલચલ મચાવે છે. માયાનું તોફાન પણ લાગે છે તો યાદ કઈ રીતે ટકે ? આપણે જંગલમાં થોડા બેઠા છીએ ? પરિવારની સાથે રહેવાનું છે તો આ કઈ રીતે શક્ય બને ? કેટલાયે પુરુષાર્થી પ્રયત્ન કરે છે પણ જ્યારે એકાગ્રતા તૂટવા લાગે છે તો હતાશ થઈને છોડી દે છે. પરંતુ નહીં દેવવ્રતની માફક આપણે ચાર વાતોને ધારણ કરવાની છે. વિવેક કહે છે આપણને આજ્ઞા આપનાર કોઈ સાધારણ નથી પણ સ્વયં શિવ ભગવાન છે. જે પરમશિક્ષક અને પરમ સદ્‌ગુરુ છે. ધૈર્ય રાખો. સ્વયં સર્વશક્તિવાન આપણા સાથી છે આ સ્મૃતિને જાગ્રત રાખવાની છે. પુરુષાર્થમાં નિષ્ઠા, અલ્પકાળના આકર્ષણોથી અનાસક્ત બનાવે છે. તે નિરંતર પરિશ્રમ, મંઝિલ સુધી લઈ જનાર એકમાત્ર સાધન છે.

આપણે પણ સ્વયંને દેવવ્રત બનાવીએ. મનમનાભવ થઈને બુદ્ધિને શિવ પરમાત્મા સાથે જોડવાનો પુરુષાર્થ કરીએ. ભલે અગણિત વાર યોગ ખંડિત થાય છતાં અથક બનીને વારંવાર યોગ લગાવવાની મહેનત કરતા રહીએ. જે રીતે વાંસની ડોલમાં જળ ભરાઈ ગયું તે રીતે ધીરેધીરે એકાગ્રતારૂપી ડોલનાં છિદ્ર ભરી દો તો અસંભવ

(અનુસંધાન પેજ નં. 27 પર)

પુરુષાર્થમાં યોગનું મહત્ત્વ

બ્ર.કુ. ભગવાનભાઈ, શાંતિવન, આબુરોડ.

સાધનાપથમાં યોગનું ઘણું જ મહત્વ છે. જેની પાસે યોગબળ જમા હશે તે ભવિષ્યમાં આવનાર પ્રાકૃતિક, માયા, મનુષ્ય, શારીરિક, સ્વયંના સંસ્કાર અને માનસિક રૂપે આવતાં વિઘ્નો સરળતાથી પાસ કરી શકે છે. જેની પાસે જેટલું યોગબળ હશે એટલું જ એનું આત્મિકબળ અને મનોબળ મજબૂત રહેશે. જે સાધકની પાસે યોગબળ હશે તે વિનાશથી ડરશે નહીં. કારણ કે યોગબળના કારણે એનાં વિકર્મોનો વિનાશ થયો છે. પોતાના ધામમાં ઉડવાની શક્તિનું બળ એણે એકઠું કરેલું છે.

જેમ કે સ્કૂલ, કોલેજમાં જેનો અંગ્રેજી વિષય સારો હોય છે એને સારો વિદ્યાર્થી માનવામાં આવે છે. એ રીતે જ્ઞાનમાર્ગમાં પણ જેનો યોગનો વિષય સારો છે એને ઘણો સારો યોગી કહેવામાં આવે છે. કારણ કે જેનો યોગનો વિષય સારો હશે તેનો જ્ઞાનનો વિષય પણ સારો જ હશે. યોગને કારણે મનન ચિંતન વધે છે. યોગને કારણે એકાગ્રતા આવે છે. જેનાથી સ્મરણશક્તિ વધશે અને જ્ઞાન પણ યાદ રહેશે. યોગને કારણે મનન ચિંતન વધે છે. યોગને કારણે એકાગ્રતા આવે છે. જેનાથી સ્મરણશક્તિ વધશે અને જ્ઞાન પણ યાદ રહેશે. યોગના કારણે એને અતીન્દ્રિય સુખ મળે છે. તેથી દરેક વાત જીવનમાં ધારણ કરવી સરળ બને છે. જેટલો યોગનો વિષય સારો હશે. યોગબળને કારણે સેવા સફળ થશે. સેવામાં રુહાનિયતપણું દેખાઈ આવશે. યોગબળને કારણે પરસ્પર ટકરાવ કે જુદાપણું રહેશે નહીં. જેના કારણે આપણે જ્યાં પણ હોઈશું ત્યાં અલૌકિક દેખાઈશું પરસ્પર હળીમળીને રહીશું.

યોગબળ દ્વારા આપણી આંતરિક શક્તિઓ જાગૃત થાય છે. જેટલો જે સાધક મન અને બુદ્ધિને પરમાત્મા પર એકાગ્ર કરે છે એટલી જ એની પાસે અનેક સદ્‌ગુણ શક્તિઓ આવે છે. યોગબળથી આપણે આપણા આદિ અનાદિ સંસ્કારોને જાગૃત કરી શકીએ છીએ. યોગબળ સંસારનું સર્વોચ્ચ બળ છે. જેની પાસે યોગબળ છે તે જેવો બનવા ઈચ્છે તેવો બની શકે છે. જે કાર્ય કરવા ઈચ્છે છે તે કાર્ય કરી શકે છે. જેની પાસે યોગબળ છે માયા, પ્રકૃતિ તેની દાસી બનશે. એટલે યોગબળ વધારવાનું છે.

યોગ દ્વારા અતીન્દ્રિય સુખ

મન બુદ્ધિમાં હકારાત્મક વિચાર ચાલે છે તો સંકલ્પોમાં ધૈર્યતા આવે છે જેના કારણે આત્માની બેટરી ચાર્જ થઈ જાય છે. જેટલા આપણા સંકલ્પો ઓછા, શક્તિશાળી અને હકારાત્મક ચાલે છે એટલી આત્મજાગૃતિ વધે છે. તે આત્મબળ વાયબ્રેશન પ્રકંપનના રૂપમાં સમગ્ર શરીરમાં ફેલાય છે. શરીરના જીવાણુને ચાર્જ કરે છે. જેને અતીન્દ્રિયસુખ મળે છે એ સુખની સામે ઈન્દ્રિયસુખ ફીકું લાગે છે. જેણે યોગ દ્વારા આત્મ અનુભૂતિ દ્વારા અતીન્દ્રિયસુખનો અનુભવ કર્યો છે તેને આ સંસારનું આકર્ષણ થશે નહીં. તે સાધક સહજ જ માયાજીત, ઈન્દ્રિયજીત, પ્રકૃતિજીત સ્વરાજ્ય અધિકારી બની શકે છે. એટલે માયાવી દુનિયામાં સાચા સુખશાંતિ માટે યોગની આવશ્યકતા છે.

યોગ દ્વારા આત્મજાગૃતિ

જેટલો જેટલો આપણે યોગનો અભ્યાસ કરીએ છીએ એટલી જ આપણી આત્મ જાગૃતિ

થાય છે. જેનાથી જીવનમાં આધ્યાત્મિક મૂલ્ય, શાંતિ, અંતર્મુખતા, એકાગ્રતા અને એકરસ અવસ્થા વગેરે ગુણો જીવનમાં આવવા લાગે છે. આ મૂલ્યો જ આધ્યાત્મિક જીવનનો પાયો છે. જેનાથી આપણે પરમાત્મ મિલનની અનુભૂતિ ઘણી સહજ અને સરળ રીતે કરી શકીએ છીએ. આ મૂલ્યોના આધારે બુદ્ધિ રૂપી નેત્ર દ્વારા આત્મદર્શન, પરમાત્મદર્શન સહજ રીતે કરી શકીએ છીએ. યોગ દ્વારા સ્વમાનોનો અભ્યાસ, હકારાત્મક ચિંતન, સ્વધર્મની યાદને કારણે આત્મ જાગૃતિ થાય છે. જે સાધકે પોતાનાં બુદ્ધિરૂપી નેત્ર દ્વારા આત્મ અનુભૂતિ અને પરમાત્મ અનુભૂતિ કરી છે તે દૈહિક આકર્ષણમાં આવતો નથી.

યોગ દ્વારા તનાવ મુક્તિ

જે સાધક યોગનો અભ્યાસ કરે છે એટલી જ એના જીવનમાં હકારાત્મકતા આવવા લાગે છે એનું આત્મબળ અને મનોબળ વધવા લાગે છે. એના જીવનમાં સંકલ્પો અને વિકલ્પોનું તોફાન શાંત થઈ જાય છે. દરેક વિપરીત પરિસ્થિતિમાં એ વિચારે છે કે જે થયું તે સારું થયું, જે થાય છે તે પણ સારું. જે થવાનું છે તે આનાથી સારું હશે. આ હકારાત્મક વિચારોથી તે તનાવમુક્ત રહી શકે છે. યોગને કારણે જીવનનો દૃષ્ટિકોણ અને દૃષ્ટિ હકારાત્મક બની જાય છે. યોગને કારણે જ માન-અપમાન, નિંદા-સ્તુતિ, જય-પરાજયમાં સમાન સ્થિતિ રહેવાને કારણે તનાવમુક્ત બની શકીએ છીએ. 21મી સદીમાં તનાવપૂર્ણ પરિસ્થિતિઓમાં તનાવમુક્ત રહેવા માટે રાજયોગની જરૂર છે.

યોગ દ્વારા શારીરિક બીમારીઓથી મુક્તિ

યોગનો અભ્યાસ કરે છે તેના જીવનમાં હકારાત્મક દૃષ્ટિકોણ આવે છે. તેથી તે વિકારોથી મુક્ત બને છે. વાસ્તવમાં શરીરની બીમારીનું મુખ્ય કારણ છે માનસિક તનાવ. જ્યારે મનુષ્ય કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા, ઘૃણા, નફરત વગેરે વિકારોના વશ થઈ જાય છે તો શરીરમાં વિભિન્ન પ્રકારનાં રસાયણ પેદા થાય છે. જેના કારણે શરીરમાં વિભિન્ન પ્રકારની બીમારીઓ આવે છે. એટલે વિકારોથી મુક્ત બનવાનો ઉપાય યોગ છે. ભવિષ્યમાં તનાવમાં વૃદ્ધિ કરે તેવી પરિસ્થિતિઓ આવશે પરંતુ હવે આપણે માનસિક તનાવથી મુક્ત રહેવા યોગ કરવાનો છે.

આ રીતે મુરલી દ્વારા પરમાત્મા કહે છે મને યાદ કરો. મનુષ્ય જીવનમાં યોગનું ઘણું મહત્ત્વ છે. યોગ દ્વારા સંસ્કારોમાં પરિવર્તન કરી શકીએ છીએ. જીવન જીવવાની કળા શીખી શકીએ છીએ વાયુમંડળ શુદ્ધ બનાવી શકીએ છીએ એટલે જીવનમાં યોગનું મહત્વ છે. યોગ એટલે આ જીવનમાંથી મન બુદ્ધિને હટાવીને પરમાત્મા સાથે જોડવી. જે રીતે શ્વાસ વિના જીવન નથી એ રીતે પરમાત્માની યાદ વિના જીવન શ્રેષ્ઠ બનતું નથી. એટલે વર્તમાન કળિયુગમાં સુખશાંતિથી જીવવું છે તો જીવનમાં યોગને મહત્ત્વ આપીને પોતાના જીવનનું પરિવર્તન કરીએ.

॥ ઓમશાંતિ ॥

- **વાણીની સાથે સાથે સંકલ્પશક્તિ દ્વારા સેવા કરવી તે શક્તિશાળી અંતિમ સેવા છે. જ્યારે મનસા સેવા અને વાણીની સેવા બંને સંયુક્તરૂપે થશે ત્યારે સહજ સફળતા મળશે.**
- **જ્ઞાનમાર્ગમાં ઘણી સારી વર્તણૂંક રાખવાની છે. ઘણા મીઠા અને નિરહંકારી બનવાનું છે. ખરાબ વાતો બોલવાની નથી. મતભેદમાં આવવાનું નથી.**

શિવ સંદેશ

અદ્દ્ભુત પરિચય



પરમપિતા પરમાત્મા શિવ કહે છે -

બધા ધર્મના અનુયાયી દુઃખ અને અશાંતિના સમયે મારી પાસેથી શાંતિ માગે છે અને મારો જ સહારો શોધે છે પરંતુ આ કેટલી અદ્દ્ભુત વાત છે કે તેઓ મને માને તો છે પરંતુ જાણતા નથી. તેમજ પોત પોતાના આત્મિક સ્વરૂપને પણ ઓળખતા નથી. જો તેઓ યથાર્થ રીતે મને અદ્દ્ભુત પ્રભુને ઓળખી જાય તો તેઓનું જીવન પણ અદ્દ્ભુત અથવા સંપૂર્ણ પવિત્રતા, સુખ, શાંતિ સંપન્ન બની જાય.

આત્મા શું છે ? તમે કોણ છો ?

'પ્યારાં બાળકો ! મને પરમાત્માને જાણતાં પહેલાં આત્માને જાણવો જરૂરી છે. બાળકો માનવના શરીરમાં જે ભૃકુટિ છે તેમાં આત્મા રહે છે. આ આત્મા અતિ સૂક્ષ્મ, એક અણુ અથવા બિન્દુ આકાર છે. એ જ્યોતિ સ્વરૂપ છે. જેવી રીતે આ પૃથ્વી પરથી મનુષ્યને તારો એક જ્યોતિર્બિન્દુ સમાન દેખાય છે, તેવી જ રીતે આત્મા પણ ભૃકુટિમાં એક ચેતન તારો છે અથવા જ્યોતિર્બિન્દુ છે. ભક્ત લોકો ભૃકૂટિમાં જે બિન્દી અથવા તિલક કરે છે તેમનો આ રિવાજ પણ વાસ્તવમાં આ વાતને સૂચવે છે કે જ્યોતિર્બિન્દુ આત્માનો વાસ અહીં છે. એટલા માટે કહેવાય છે કે चमकता है अजब सितारा भृकूटि के बीच પરંતુ આજે કોઈ પોતાને પુરુષ, કોઈ સ્ત્રી, કોઈ બાળક અને કોઈ વૃદ્ધ માને છે. અથવા બધા પોતાને શરીર માને છે.



આ કેવી વિચિત્ર વાત છે કે પોતે આત્મા હોવા છતાં પણ પોતાને દેહ માને છે. શરીર જે વાસ્તવમાં આત્માને રહેવાનું શરીર અથવા મકાન માને છે શું મન અને બુદ્ધિ આત્માથી અલગ છે ? આ સૃષ્ટિરૂપી નાટકમાં આત્મા અનેકાનેક જન્મ લઈને જે પાર્ટ બજાવે છે તે પાર્ટ પણ બિન્દુરૂપ આત્મામાં એવો ભરેલો છે કે જેમ એક ટેપમાં વાણી, ગ્રામોફોન રેકર્ડમાં ગીત અથવા ફિલ્મ રીલમાં અભિનેતાઓના પાર્ટ ભરેલા હોય છે પરંતુ આ અદ્દ્ભુત આત્માને કોઈ વિરલા જ જાણે છે. આજે મનુષ્યમન અને બુદ્ધિને આત્માથી અલગ માની બેઠા છે.

ચેતન આત્માની વિચારવાની, સમજવાની ઈચ્છા કરવાની, નિર્ણય કરવાની વગેરે યોગ્યતાઓનું નામ મન બુદ્ધિ છે. આ મન બુદ્ધિ જ

આત્માની ચેતના છે.

આત્માના પિતા કોણ છે? પરમાત્મા કોણ છે?

લાડલાં બાળકો ! આજે ધાર્મિક સ્વભાવના બધા મનુષ્યો મને પરમાત્માને મળવાની ચાહના રાખે છે. તે મારાં દર્શન-સાક્ષાત્કાર કરવાની ઈચ્છા રાખે છે. પરંતુ આશ્ચર્ય થાય છે કે બીજી તરફ એ લોકો એ પણ કહે છે કે પરમાત્માનું કોઈ નામ કે કોઈ રૂપ નથી. જરા વિચાર કરો કે નામ, રૂપ વિના ભલા કોઈ ચીજ હોઈ શકે ખરી ? પિતાનો સંબંધ હોઈ શકે ખરો ?

લાડલાં બાળકો ! જેવી રીતે કોઈ મહાત્મા, બીજા આત્માઓથી વધારે લાંબો પહોળો આત્મા હોતો નથી, પરંતુ ગુણોની દૃષ્ટિએ મહાન હોય છે એવી જ રીતે હું પણ વધારે વિસ્તાર અથવા વ્યાપકતાને કારણે પરમાત્મા નથી કહેવાતો, પરંતુ મને પરમાત્મા એટલા માટે કહેવામાં આવે છે કે હું ગુણોની દૃષ્ટિએ બધા આત્માઓમાં 'પરમ' અથવા શ્રેષ્ઠ છું. સર્વ આત્માઓની માફક હું પણ એક જ્યોતિર્બિન્દુ છું. પરંતુ બીજા આત્માઓ જન્મ-મરણ અને સુખ-દુઃખના ચક્કરમાં આવે છે. હું જન્મ-મરણ અને સુખ-દુઃખના ચક્કરમાં આવતો નથી. મારા આ દિવ્ય જ્યોતિર્બિન્દુ રૂપની યાદમાં ભારતમાં 'શિવલિંગ' નામથી મંદિર બનેલાં છે. કારણ કે મારું દિવ્ય નામ શિવ છે. શિવનો અર્થ થાય છે કલ્યાણકારી. બધાંને દુઃખ અને અશાંતિથી છોડાવીને સુખ તથા શાંતિ, આપવાવાળા હોવાને કારણે જ મને 'શિવ' કહેવામાં આવે છે. જો મારો અદ્ભુત પરિચય બધાને માલૂમ હોય તો મુસલમાન લોક (જેનો મક્કામાં 'સંગે અસ્વદ્' નામનો એક પથ્થર મારી યાદગારના રૂપમાં છે.) તેઓને આ બાબતનું જ્ઞાન હોત તો ભારત ઉપર આક્રમણ ન કરત. ખ્રિસ્તીઓ પણ મને લાઈટ સ્વરૂપ માને છે પણ ભારતને તીર્થસ્થાન માનત અને ત્યારે મારી અવતરણની ભૂમિ, વિશ્વનો ઈતિહાસ જુદો હોત.

પરમાત્મા નિરાકાર કેવી રીતે છે ?

મીઠાં બાળકો, જેટલા પણ સ્થૂળ શરીરધારી મનુષ્યાત્માઓ છે એમને બધાને સાકાર કહેવામાં આવે છે. બ્રહ્મા, વિષ્ણુ, શંકર જેમનાં પ્રકાશમય શરીર છે તેઓને 'સૂક્ષ્માકાર' અથવા 'દેવાકાર' કહેવામાં આવે છે. જ્યારે મારે નથી સ્થૂળ શરીર કે નથી સૂક્ષ્મ શરીર પરંતુ હું તો જ્યોતિર્બિન્દુ સ્વરૂપ છું અને બિન્દુ તો નિરાકાર જ હોય છે. કારણ કે એની કોઈ લંબાઈ પહોળાઈ માપી શકાતી નથી. બીજું યોગીજન મારી યાદમાં એના મનને એકાગ્ર રાખવાની ઈચ્છા રાખે છે. ભક્તલોક શિવલિંગની પૂજા કરે છે અને કહે છે કે પરમાત્માનું કોઈ રૂપ નથી. એનો અર્થ એ થયો કે પરમાત્મા છે જ નહીં ? બાળકો, રૂપ વગરની કોઈ વસ્તુ હોઈ જ ના શકે. વત્સો, વાસ્તવમાં મારું રૂપ તો છે પરંતુ એ દિવ્ય છે. આ ચર્મચક્ષુ વડે તે જોઈ શકાતું નથી. પરંતુ દિવ્ય ચક્ષુઓથી જ તેનો સાક્ષાત્કાર થઈ શકે છે.

પરમાત્મા એક કેવી રીતે છે ?

હે બાળકો ! બધા ધર્મપ્રેમી લોકો કહે છે કે પરમાત્મા એક છે તે બધાના પરમપિતા અથવા બાપ છે. પરંતુ એ કેવી અદ્ભુત વાત છે કે આવું માનવા છતાં તેઓ જુદા જુદા દેવતાઓ અને ધર્મસ્થાપકોને પિતા માની બેઠા છે અને કેટલાક તો આત્મા અને પરમાત્મામાં કોઈ ભેદ જ માનતા નથી. એક બાજુ તેઓ એમ કહે છે કે પરમાત્મા જ્યોતિ સ્વરૂપ છે બીજી તરફ તેઓ કોઈ રૂપને જ ભગવાન માની રહ્યા છે. વત્સો, વાસ્તવમાં બધા જ્યોતિર્બિન્દુ આત્માઓનો હું એક જ્યોતિ 'શિવ' જ છું. પરમપિતા છું. હું જ જ્ઞાનનો સાગર હોવાને

કારણે બધાંનો પરમ શિક્ષક અને પરમ સદ્ગુરુ પણ છું. હું એક જ જન્મ-મરણ અને સુખ-દુઃખથી પર છું. આથી જ કહેવાય છે કે પરમાત્મા એક છે. તે બધાંનો પરમપિતા, પરમશિક્ષક અને પરમ સદ્ગુરુ છે.

શિવ-શંકરનો ભેદ

પ્યારાં બાળકો ! બ્રહ્મા, વિષ્ણુ અને શંકર પ્રકાશમય શરીરવાળા ત્રણ દેવતાઓ છે. પરંતુ હું એક પરમાત્મા છું. હું આ ત્રણનો રચયિતા હોવાને કારણે 'ત્રિમૂર્તિ' કહેવાઉં છું. પરંતુ એ કેવી આશ્ચર્યની વાત છે કે આજે લોકો કહે છે કે શિવ અને શંકર એક છે. એક જ વ્યક્તિનાં બે નામો છે. જુઓ તો શંકરની મૂર્તિ તો શારીરિક રૂપધારી હોય છે મારી મૂર્તિ શિવલિંગ શરીર વગરની અર્થાત્ બિન્દુના મોટા રૂપવાળી હોય છે. શંકર તો 'ત્રિદેવ'ના એક દેવતા છે. પરંતુ હું તો એક પરમ આત્મા છું અને દેવોનો પણ દેવ છું.

પરમાત્મા ક્યાં છે ?

લાડલાં બાળકો ! એક તરફ તો લોકો કહે છે કે હે પ્રભુ ! આપ આવો અને અમને પતિતમાંથી પાવન બનાવો અને બીજી બાજુ કહે છે કે જ્યાં જોઉં ત્યાં તુજ (પરમાત્મા) છે. જો હું બધી જગ્યાએ હોત તો લોકો મને શા માટે બોલાવે ? વત્સો, આ કેવી વિચિત્ર વાત છે કે મને પરમપિતા માને છે અને મારા અવતરણની આશા રાખે છે. મારા તરફ ઈશારો કરતાં તેઓ તેમના હાથ ઉપર રાખે છે. બીજી તરફ કહે છે કે પરમાત્મા તો સર્વવ્યાપી છે.

વત્સો ! શું બાપ કદી સર્વવ્યાપી હોઈ શકે ? જેનું અવતરણ થાય છે તે સર્વવ્યાપી હોઈ શકે ? એક બાજુ તેઓ કહે છે કે સુખ-શાંતિદાતા, આનંદ સ્વરૂપ અને શક્તિસ્વરૂપ પરમાત્મા અમારી અંદર જ છે. જ્યારે બીજી બાજુ કહે છે અમારા મનમાં અશાંતિ છે, દુઃખ છે, ચિંતા છે, કામ, ક્રોધ આદિ વિકારો છે. શું લોકોની આ વાતો અટપટી નથી ? જો હું દુઃખહર્તા સુખકર્તા અને આનંદ સ્વરૂપ પ્રભુ અંદર હોત તો પછી મારા મનમાં દુઃખ, અશાંતિ હોઈ જ શકે કેવી રીતે ? લાડલાં બાળકો ! વાસ્તવમાં મને 'ત્રિલોકીનાથ' અથવા 'ત્રિભુવનેશ્વર' પણ કહેવામાં આવે છે. કેમ કે હું મનુષ્યલોક, દેવતાલોક અને પરલોકનો નાથ છું. હું આ મનુષ્યલોકમાં સર્વવ્યાપી નથી. અહીં તો હું ધર્મગ્લાનિના સમયે જ આવું છું. ફરીથી ધર્મની સ્થાપના અને અધર્મનો મહાવિનાશ કરું છું. હું દેવલોકમાં પણ નથી. ત્યાં તો પ્રકાશમય કાયાવાળા બ્રહ્મા, વિષ્ણુ અને શંકર પોતપોતાની નગરીમાં રહે છે. હું પરબ્રહ્મ પરમેશ્વર તો તેનાથી પણ દૂર, પરલોકમાં જ્યોતિતત્ત્વમાં શરીર રહિત અવસ્થામાં રહું છું. તેને પરમધામ, બ્રહ્મલોક તથા શિવપુરી પણ કહેવામાં આવે છે. આથી ગીતામાં મારાં મહાવાક્યો છે કે, 'આ સૃષ્ટિ એક ઊલટા વૃક્ષ સમાન છે. હું એના બીજ સ્વરૂપ પરમાત્મા સૂર્ય, ચંદ્ર તારાગણ... બધાથી પાર પરમધામમાં રહું છું.'

પરમાત્માનું અવતરણ અને આત્માઓ સાથે મેળાપ

મીઠાં બાળકો ! બીજી વિચિત્ર વાત એ છે કે માનવો કહે છે - 'હે પ્રભુ, અમે તમને પોકારી રહ્યા છીએ, આપ આવીને અમને મળો, અમને પતિતમાંથી પાવન બનાવો અને ફરીથી આવીને અમને ગીતાજ્ઞાનની મુરલી સંભળાવો અને ગીતામાં તમે આપેલા વાયદાઓનું પાલન કરો અને આ બગડી ગયેલા સંસારની હાલત સુધારો, કેમ કે હવે તમારા સિવાય બીજું કોઈ સુધારી શકે તેમ નથી. બીજી બાજુ કહે છે કે 'પરમાત્માનું અવતરણ અથવા દિવ્યજન્મ થતો નથી.' વાસ્તવમાં આ સંસારમાં કલિયુગના અંતમાં જ્યારે ધર્મની અતિ ગ્લાનિ થાય છે અને મનુષ્ય ખૂબ જ દુરાચારી અને આસુરી સ્વભાવના થઈ જાય છે ત્યારે સત્ધર્મ અને સતયુગની સ્થાપના માટે અથવા મનુષ્યને દેવતા બનાવવા માટે આવું છું. આ સમયને 'પુરુષોત્તમ સંગમયુગ' કહેવામાં આવે છે. આની યાદગારમાં 'શિવરાત્રિ'નો તહેવાર ઉજવવામાં આવે છે. તેને સંગમનો મેળો તરીકે ઉજવવામાં આવે છે. કારણ કે અજ્ઞાનરૂપી રાત્રિમાંજ હું આવીને મળું છું. જ્ઞાનામૃતનો કળશ કન્યાઓ - માતાઓને આપીને જ્ઞાનગંગાથી સૌને પતિતમાંથી પાવન બનાવવાનું કર્તવ્ય હું કરું છું.

પરમાત્માનું અવતરણ ક્યારે, કેવી રીતે?

લાડલાં બાળકો ! આ કેવી વિચિત્ર વાત છે કે એ બાજુ હું જન્મરહિત અજન્મા અને અયોનિજ કહેવાઉં છું અને બીજી બાજુ ગીતામાં મારા આ દિવ્યવાક્ય છે કે 'મારો જન્મ દિવ્ય છે.' બાળકો ! મારા જન્મની રીતિ અદ્‌ભુત છે. હું જન્મ તો લઉં છું કેમ કે જો હું જન્મ ન લઉં તો મનુષ્ય આત્માઓને જ્ઞાન કોણ આપે ? હું જ્ઞાન આપું છું એટલે મને જ્ઞાનના સાગર અને ત્રિકાલદર્શી કહેવામાં આવે છે. પરંતુ બાળકો ! મારો જન્મ સાધારણ અને પ્રાકૃતિક નથી અર્થાત્ હું મનુષ્યોની માફક કોઈ માતાના ગર્ભ દ્વારા બાળકના રૂપમાં જન્મ લેતો નથી. કારણ કે હું આ સમગ્ર સૃષ્ટિનો માતા, પિતા અને પાલનકર્તા છું અને કર્માતીત છું. મારે કર્મભોગને માટે તો શરીર લેવું પડતું નથી. તેથી હું તો ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગનું જ્ઞાન આપવા માટે પુરુષોત્તમ સંગમયુગમાં પરમધામથી અવતરિત થઈને એક સાધારણ વૃદ્ધ તનમાં પ્રવેશ કરું છું. અને દરરોજ તેમના મુખ દ્વારા જ્ઞાનયોગ અને રાજયોગનું શિક્ષણ આપીને પરમધામ પાછો જાઉં છું. મારા આ પ્રકારના જન્મને 'પરકાયા પ્રવેશ', દિવ્યજન્મ અથવા અલૌકિક જન્મ કહેવામાં આવે છે. જે મનુષ્યના તનમાં હું પ્રવેશ કરું છું તે મારો રથ કહેવાય છે. હું આ આત્માનો સારથી પણ બનું છું અને આ મનુષ્યને પ્રજાપિતા બ્રહ્મા નામ આપું છું.

પરમાત્મા કરનકરાવનહાર કેવી રીતે ?

લાડલાં બાળકો ! સંગમયુગમાં પ્રજાપિતા બ્રહ્માના તનમાં દિવ્ય અવતરણ કરીને તેમના મુખ દ્વારા સૃષ્ટિના આદિ-મધ્ય-અંતનું જે જ્ઞાન આપું છું જે પ્રભાવશાળી રીતે રાજયોગ શીખવાડું છું તેને શીખવાવાળાં નર-નારી પતિતમાંથી પાવન બને છે અને પોતાના સંસ્કારોને સતોપ્રધાન બનાવે છે. અર્થાત્ એક પ્રકારથી નવો જન્મ લે છે. બ્રહ્માના આ મુખ દ્વારા જ્ઞાન સાંભળીને નવો જન્મ લેવાવાળાને સાચા બ્રાહ્મણ (બ્રહ્માવત્સ) યા દ્વિજ કહેવામાં આવે છે. આજ લોકો પૂર્ણરૂપે પાવન બનીને ભવિષ્યમાં સતયુગી સૃષ્ટિમાં દેવપદની પ્રાપ્તિ કરે છે અથવા નરમાંથી શ્રી નારાયણ અને નારીમાંથી શ્રી લક્ષ્મી પદને પ્રાપ્ત કરે છે. પ્રજાપિતા બ્રહ્મા દ્વારા સર્વ પ્રકારે બ્રાહ્મણોની અથવા દેવી દેવતાઓની રચના કરાવવાના કારણે જ મને

કરનકરાવનહાર કહેવામાં આવે છે. આ પ્રમાણે બધા માણસોને પવિત્ર બનાવીને જ્ઞાન અથવા સંદેશ આપ્યા પછી હું શંકર દ્વારા અનેક ધર્મોનો તથા કલિયુગી સૃષ્ટિનો મહાવિનાશ કરાવું છું. મારા આ કર્તવ્યના ફલ સ્વરૂપ સતયુગની અને આદિ સનાતન દેવી-દેવતા ધર્મની ફરીથી સ્થાપના થઈ જાય છે અને આ સૃષ્ટિ પર સંપૂર્ણ પવિત્રતા, સુખ અને શાંતિ જેવી મર્યાદા થાય છે. મારા સિવાય અનેક આસુરી ધર્મોનો અથવા કલિયુગી સૃષ્ટિનો મહાવિનાશ કોઈ પણ કરાવી ન શકે, ન કોઈ સતયુગી દૈવી સૃષ્ટિની સ્થાપના, પાલના અને વિનાશ મારાં જ કર્તવ્યો છે. પરંતુ આ એટલી વિચિત્ર વાત છે કે આ જ લોકો શ્રીમદ્, ભગવદ્ ગીતામાં વર્ણવેલા મારા અવતરણના રહસ્યને જાણતા નથી અને માનતા પણ નથી. અને કરનકરાવનહારનો આ વાસ્તવિક અર્થ ન જાણતા હોવાને કારણે ભ્રમવશ માને છે કે આ સંસારમાં જે કંઈ પાપ પુણ્ય થઈ રહ્યાં છે તે પરમાત્મા જ કરાવી રહ્યા છે.

પરમાત્મા શું કરે છે અને શું નથી કરતાં ?

મીઠાં બાળકો ! વિચિત્ર વાત જુઓ. એક તરફ તો તેઓ કહે છે કે પરમાત્મા જ બધું કરાવે છે. તેમની પ્રેરણાથી જ સર્વ કાંઈ બને છે. બીજી તરફ તેઓ કહે છે કે આજે સંસારની હાલત એવી ખરાબ છે કે પરમાત્મા એને સુધારવા માટે કેમ કંઈ કરતા નથી ? ત્રીજી બાજુ કહે છે કે પરમાત્મા જ સૃષ્ટિની સ્થાપના, પાલના અને વિનાશ કરાવે છે. વાસ્તવમાં તેઓને એ ખબર નથી કે આ મનુષ્ય સૃષ્ટિ તો એક અનાદિ નિશ્ચિત નાટક છે. હું કોઈ પહાડ, નદીઓ વગેરે બનાવતો નથી. પરંતુ હું તો સંગમયુગમાં આવીને પ્રજાપિતા બ્રહ્મા દ્વારા એક આદિ સનાતન દેવી-દેવતા ધર્મની સ્થાપના અને શંકર દ્વારા અનેક આસુરી ધર્મોનો મહાવિનાશ કરાવું છું અને પછી સતયુગી સૃષ્ટિની શ્રી લક્ષ્મી-નારાયણ દ્વારા પાલના કરાવું છું. પરંતુ મારાં આ કર્તવ્યોને તથા એને કરવાની રીતિને તેઓ જાણતાં ન હોવાને કારણે આજે જ્યારે હું પ્રજાપિતા બ્રહ્માના તનમાં અવતરિત થઈને દિવ્ય કર્તવ્ય કરાવી રહ્યો છું ત્યારે લોકો મને ઓળખી શકતા નથી.

શિવરાત્રિ

લાડલાં બાળકો ! આ પણ કેવી વિચિત્ર વાત છે કે આજે મનુષ્ય અનેક મહાત્માઓ નેતાઓ વગેરેના જીવનચરિત્રને જાણતા હોય છે. તેમના કર્તવ્યોથી પરિચીત છે અને એમનો જન્મદિવસ પણ ઉજવે છે પરંતુ સદ્ગતિદાતા અને સુખશાંતિના દાતા મુજ પરમપિતા પરમાત્માના અલૌકિક જીવનની કથા અથવા મારા દિવ્ય જન્મના મહાત્મ્યને જાણતા નથી. બાળકો ! જો તેઓ આ રહસ્યોને જાણી જાય કે પરમપિતા પરમાત્મા શિવ કલિયુગના અંતમાં જ્યારે સમગ્ર સૃષ્ટિ પર અજ્ઞાનરૂપી રાત હોય છે ત્યારે પ્રજાપિતા બ્રહ્માના તનમાં અવતરિત થઈને સતયુગ અથવા સંપૂર્ણ સુખનો યુગ લાવે છે તથા બીજા બધાને મુક્તિધામ લઈ જાય છે. જે કર્તવ્ય બીજા કોઈ કરી શકતા નથી. જો તેઓ યથાર્થ રીતે મારાં બાળકો બની મારી શ્રીમતનું પાલન કરી, વર્તમાન પુરુષોત્તમ સંગમયુગમાં સ્વયંનું જીવન ઉચ્ચ તથા દિવ્ય બનાવી અન્ય આત્માઓને મારો સંદેશ આપવાના કાર્યમાં લાગી જાત.

ઈશ્વરીય નિમંત્રણ

લાડલાં બાળકો ! હવે તમે બધાંને મુજ પરમપિતા પરમાત્મા શિવનો યથાર્થ પરિચય આપો અને તેમને જણાવો કે વર્તમાન સમય પુરુષોત્તમ પરમાત્મા શિવ બ્રહ્મા દ્વારા ઈશ્વરીય જ્ઞાન અને

(અનુસંધાન પેજ નં. 17 પર)

જીવનસંધ્યા

રાજયોગિની ભારતીદીદી, ડાયરેક્ટર ગુજરાત ઝોન, અમદાવાદ. (રાજકોટ)

માનવજીવન ઈશ્વર તરફથી વિનામૂલ્યે મળેલ મૂલ્યવાન ભેટ છે. ઉપહાર છે, બક્ષિસ છે. દરેક તબક્કામાં જીવનનું મહત્ત્વ સમજી તેની યોગ્ય સંભાળ કરી જીવનયાત્રાને સફળ બનાવવી તે આપણા સૌની ફરજ છે.

જીવન એ નાનકડું ત્રણ પાનાનું પુસ્તક છે. જીવનરૂપી પુસ્તકના પ્રથમ પાનાનો પહેલો પાઠ એટલે બાળપણ. નિર્દોષ મન, નિખાલસ ભાવ, ચહેરા ઉપર સ્મિત સાથે હસતાં, રમતાં ખેલતાં... મસ્તીની સાથે બાળપણના પાઠને સૌ કોઈ ખૂબ સારી રીતે ભણી યાદગાર બનાવે છે. જેમ ઉગતા સૂર્યનાં પ્રથમ કિરણો ચારે બાજુ અંધકારને દૂર કરીને તાજગીનો અનુભવ કરાવે છે, જે સુવર્ણ પ્રભાતનો અનેરો આનંદ લૂંટવા જેવો હોય છે. તેવી જ રીતે જીવનની સોનેરી સવાર સમાન બાળપણ પણ જાણવા જેવું અને માણવા જેવું છે. માટે જ કહેવાયું છે કે **બચપન કે દિન ભૂલા ન દેના, આજ હંસે કલ રૂલા ન દેના.**

જીવન રૂપી પુસ્તકના બીજા પાનાનો પાઠ એટલે બપોરના ધોમધખતા તાપની ભર જુવાનીમાં સમય, શરીરમાં જોશ, મનમાં હોશ, કંઈક કરી છૂટવાની ભાવનાઓ, ઊંચે ઊંચે આકાશના તારલાઓ સુધી પહોંચવાની તમન્નાઓ.... વ્યક્તિત્ત્વને પ્રભાવશાળી બનાવવાની ઈચ્છાઓ... અનેક અપેક્ષાઓને પૂરી કરવાની હોડ..... ખરેખર અનેકોનાં દિલ જીતીને દુઆઓને પાત્ર બનવાનો સુવર્ણકાળ એટલે જ યુવાની. જરૂર છે માત્ર કદમ-કદમ પર સાવધાનીપૂર્વક ચાલવાની.

જીવનરૂપી પુસ્તકના ત્રીજા પાનાનો ત્રીજો પાઠ એટલે જ વયોવૃદ્ધ અવસ્થા... જીવનની સંધ્યાનો સમય. સુખ, દુઃખના અનેક પ્રસંગોમાંથી પસાર થતા સારા નરસા અનુભવોના ખજાનાની ખાણ એટલે જ વૃદ્ધાવસ્થા. જેમ ઢળતા સૂર્યને ખબર જ છે કે મારે આવતી કાલે ફરીથી ઉદય થઈ ચોમેર પ્રકાશ ફેલાવવાનો છે. માટે તો સૂર્યાસ્ત પણ મનોરંજન અપાવે છે. તેમ હાય રે ઘડપણ કહી જીવનના સંધ્યાકાળને કપરો, કઠણકાળ ન સમજતા... વાહ રે ઘડપણ કહીને જીવનસંધ્યાનું સ્વાગત કરીએ.

યાદ રાખીએ સંસારચક્ર પરિવર્તનશીલ છે. તે પરિવર્તનની પ્રક્રિયા આપણને સ્વીકાર્ય પણ છે. ખૂબ સુંદર, સુશોભિત નવું મકાન, નવું ક્યાં સુધી રહેશે ? કીમતી, નવાં વસ્ત્રો પણ આખરે જૂનાં થતાં એક દિવસ છોડવાનાં જ છે. ત્યારે તો ફરી નવાં વસ્ત્રોની ખરીદી કરી શકીશું. બાળ અવસ્થામાંથી તરુણ અવસ્થા અને તરુણ અવસ્થામાંથી યુવાવસ્થામાં કેવા તરવરાટનો અનુભવ કરીએ છીએ. દબાદબાપૂર્ણ જિંદગી જીવ્યા. તો પછી યુવાવસ્થામાંથી વૃદ્ધાવસ્થાની યાત્રાનું આગમન કેમ ના કરીએ ?

સૃષ્ટિ પરના જડ અને ચેતન જીવોએ સતો, રજો અને તમોની સ્થિતિમાંથી પસાર થવું જ પડે છે. સર્જનહારે સર્જેલા સૃષ્ટિના સત્ય સિદ્ધાંતોને હસતાં હસતાં સ્વીકારી સર્જનહારના સાથનો અનુભવ કરીએ અને દરેક અવસ્થાની પૂર્વ તૈયારી કરીએ. જેમ કોઈ શુભ પ્રસંગની પહેલેથી જ તૈયારી કરીએ છીએ તેમ વૃદ્ધાવસ્થાના આગમન પૂર્વે જ

તેની તૈયારી કરવી જોઈએ. મૃત્યુ વિશે આપણને કંઈ જ ખબર નથી કે મૃત્યુ ક્યારે અને કેવી રીતે આવશે પરંતુ એ ખબર છે કે આવશે તો જરૂર. આ અંતિમ અને સનાતન સત્ય છે. જો આ વાત હંમેશા યાદ રહે તો મોતનો ડર ના રહે.

જીવનયાત્રાના અનેક પડાવો પસાર કરતાં અંતમાં વૃદ્ધાવસ્થા સૌની પાસે આવશે જ. જીવનનો આ સંધ્યાકાળ એ કોઈ રોગ કે અભિશાપ નથી પરંતુ શરીરની સ્વાભાવિક પ્રક્રિયા છે. જેમાં ડર, ભય, શોક કે રોવા-ધોવાની કોઈ વાત નથી. આ કાળમાં શારીરિક બીમારી આવે. સંબંધોના બંધનનું દુઃખ પણ આવે. તો મોહ મમતાની માયાજાળનો સંતાપ આવે. આ બધું આવશે જ. મારી સાથે જ આવું શા માટે થયું ? આ પ્રશ્નના જવાબ માટે આપણે કર્મોની ગહનગતિને જાણવી પડશે. સારા કર્મોનાં સારાં ફળ, ખરાબ કર્મોનાં ખરાબ ફળથી કોઈ મુક્ત થઈ શકતું નથી. જેવું કરીશું તેવું જ મળશે. ઈશ્વરના દરબારમાં દેર છે, અંધેર નથી. આ નિયમોને જાણી ભૂતકાળમાંથી પાઠ ભણી આગળની તૈયારી કરીએ.

આપદાઓ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આ સૌની સમક્ષ આવશે જ. પરંતુ વૃદ્ધાવસ્થામાં વિઘ્નોની વચ્ચે પણ કષ્ટ ઓછું થાય, તેના માટે પહેલેથી જ તૈયારી કરીને જીવનના સંધ્યાકાળને શાપ નહીં પણ વરદાન બનાવીએ. ચાલીસ વર્ષથી સ્વાસ્થ્ય પર પૂરું ધ્યાન આપીએ.

● ફળ અને શાકભાજીનું વધારે સેવન કરીએ. ● પ્રકૃતિ અને પરમાત્માની સમીપતાનો આનંદ લઈએ. ● સમાજ ઉપયોગી સેવાકીય કાર્યોમાં નિઃસ્વાર્થ-ભાવે જોડાઈએ.

આપણને મળેલ દરેક જવાબદારી પૂર્ણ કરવાની છે. હું તો નિમિત્ત જ છું. **॥ઓમશાંતિ॥**

(પેજ નં. 30નું અનુસંધાન)... દિવ્યદર્શન

કદાચ જ કોઈ એવું પ્રાણી હશે કે જેને થોડો ઘણો ભોગ-વિલાસનો અવસર પ્રાપ્ત ન થયો હોય. પરંતુ, જોવામાં એમ આવ્યું છે કે અનહદ ભોગ-વિલાસમાં ડૂબેલી વ્યક્તિનું શારીરિક સ્વાસ્થ્ય નાશ થઈ જાય છે, મન ગંદુ થઈ જાય છે અને તેના આત્માનું પતન થઈ જાય છે. એટલા માટે આપણે સારી રીતે એ સમજી લેવું જોઈએ કે વિષય-વાસનાની તૃષ્ણા એક એવી પુનઃપ્રાપ્ય તરસ છે કે ક્યારેય શાંત થતી નથી. યાદ રહે, ભોગ એક પ્રજ્વલિત અગ્નિ સમાન છે, જેટલું ભોગવશો, એટલી આગ વધારે ને વધારે ભડકતી જશે અને ધીમે-ધીમે તે મનુષ્યની સુખ-શાંતિની બધી જ સંભાવનાઓને સદાને માટે ભસ્મીભૂત કરી નાખશે. માટે પોતાના સુખ અને શાંતિને ઈચ્છાઓ અથવા ભોગ-વિલાસમાં ન શોધો. કારણ કે જે નિસ્વાર્થી, નિષ્કામ, પુરુષાર્થી, પરોપકારી, સંતોષી અને પરમાર્થી છે એ જ વ્યક્તિ સુખ-શાંતિનો ખરો અધિકારી છે. તો આવો આજથી આપણે સહુ ઈચ્છા માત્રમ અવિદ્યાનો પાઠ પાકો કરીને ઓછામાં ઓછી ઈચ્છાઓ, વધારે ને વધારે ત્યાગ અને વિષયવાસનાના ઝેરથી પોતાને બચાવીને શાંતિમય અને સુખમય જીવન જીવીએ.

ગીત ...યોગી જીવન જી કર દેખો...

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 18નું અનુસંધાન)... સફળતાનું રહસ્ય

પણ સંભવ બની જશે. અસ્થિર યાદની યાત્રા પણ સ્થિર અને અવિનાશી બની જશે તેવી આપણા સદ્‌ગુરુની આપણા પ્રત્યે આશા છે.

॥ ઓમશાંતિ ॥

નારીનો સર્વાંગી વિકાસ

રાજયોગિની દમયંતી દીદી, એડીશનલ ડાયરેક્ટર ગુજરાત ઝોન, અમદાવાદ. (જૂનાગઢ)

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓનું બહુમૂલ્ય સ્થાન હતું. નારી તું નારાયણી. यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता: અર્થાત્ 'જ્યાં નારી પ્રત્યે આદર વ્યક્ત થાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે.' એમ કહેવાતું. પ્રારંભમાં ઋષિમુનિઓ સાથે ઋષિ પત્નીઓ પણ ગૃહસ્થીઓ સાથે ધર્મકાર્યો કરતી હતી. સમાજમાં નારી માટે કોઈ બંધન નહોતું.

દેશ પર મુસ્લિમ તથા અન્ય શાસકોનાં આક્રમણ વખતે સ્ત્રીઓની સલામતીને ધ્યાનમાં રાખીને કેટલાક નિયમો ઘડ્યા. ઘર જ મંદિર બની ગયું. સમય જતાં રૂઢિવાદીઓએ તે જાળવી રાખ્યું. પણ શિક્ષણને લીધે ક્રાંતિ થતાં જડ નિયમો તૂટતા ગયા. નારીને તેનું ગૌરવ મળવા લાગ્યું.

આજે તો નારી પુરુષ સમોવડી બની રહી છે. જીવનનું કોઈ એવું ક્ષેત્ર બાકી રહ્યું નથી કે જ્યાં સ્ત્રીઓએ પ્રવેશ ના મેળવ્યો હોય. એ સૌ ક્ષેત્રોમાં પ્રવેશ કરીને નારીએ તેની ગૌરવયુક્ત પ્રતિભા સિદ્ધ કરી છે. ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિપદે પહોંચેલાં શ્રીમતી પ્રતિભાબેન પાટીલે, લોકસભાનાં પ્રથમ સ્પીકર પદે પહોંચેલાં મીરાંકુમાર અને રાષ્ટ્રમાં કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષા શ્રીમતી સોનિયાબેન ગાંધીએ નારીજગતને ગૌરવ અપાવ્યું છે. અરુંધતી રોય બુકર અને સિડની પુરસ્કારથી સન્માનિત છે. ભારતનાં સદ્‌ગત વિદેશમંત્રી શ્રીમતી સુષ્માબેન સ્વરાજે વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે. પહેલાં સંરક્ષણમંત્રી તરીકે અને વર્તમાન સમયે કેન્દ્રનાં નાણાંમંત્રી નિર્મલાબેન સીતારમણે નારીની બહુમુખી પ્રતિભા પ્રસ્થાપિત કરી છે. ભારતીય મૂળનાં (ઝુલાસણ, જિ. મહેસાણા) સુનિયા વિલિયમ્સે છ માસ કરતાં વધુ સમય અંતરીક્ષમાં રોકાઈને વિશ્વમાં નારીનું નામ રોશન કર્યું છે. દેશનાં શક્તિશાળી પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે શ્રીમતી ઈન્દિરાબેન ગાંધીએ અવિસ્મરણીય કાર્ય કર્યું છે. આધ્યાત્મિક ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સન્માન મેળવનારાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજી હતાં. જેમને યુનો (U.N.O.) એ પીસ મેડલ આપ્યો છે. વિદેશોમાં રાજયોગ અને આધ્યાત્મિકતાનો સંદેશ આપનાર રાજયોગિની દાદી જાનકીજીએ વૈજ્ઞાનિક પરીક્ષણમાં વિશ્વનાં અત્યંત શ્રેષ્ઠ સ્થિર મનનાં મહિલાનું યશસ્વી સન્માન મેળવ્યું છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જીવન પ્રબંધન નિષ્ણાત રાજયોગિની શિવાનીબેનને ભારતના રાષ્ટ્રપતિ માનનીય રામનાથ કોવિંદજીએ 'મહિલા રત્ન - 2018'નો એવોર્ડ આપીને મહિલાઓનું ગૌરવ વધાર્યું છે. તો ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજકીય ક્ષેત્રે મહિલાઓનું નામ રોશન કર્યું છે. દર્પણ એકેડમીનાં સ્થાપક મૃણાલિનીબેન સારાભાઈ (ડો. વિક્રમ સારાભાઈનાં ધર્મપત્ની)એ કલાક્ષેત્રે નામ રોશન કર્યું. સમાજસેવાના ક્ષેત્રે સેવાની સ્થાપના બદલ મેગ્સેસે એવોર્ડ મેળવનાર શ્રીમતી ઈલાબેન ભટ્ટ હાલ ગુજરાત વિદ્યાપીઠનાં કુલપતિ

પદે છે. આ યાદી ઘણી લાંબી છે.

આજે સ્ત્રીઓની તરફેણમાં તેમના હિતના અનેક કાયદાઓ બન્યા છે. આમ છતાં હજુ પણ સ્ત્રીઓને પૂરું સન્માન આપી શક્યા નથી. સ્ત્રીઓના અપમૃત્યુની, તેની સાથે થતા રહેતા ખરાબ કર્મની, હિંસા, મારપીટ અને સ્ત્રી હત્યાની ઘટનાઓ આજે પણ બને છે.

ભિન્ન ભિન્ન અખબારો અને ટી.વી. ચેનલોમાં આવા સમાચારો પ્રસિદ્ધ થાય છે ત્યારે જરૂર ચિંતા અને ચિંતન થાય છે. સ્ત્રીઓનો સર્વાંગી વિકાસ થશે ત્યારે જ નારી સશક્તિકરણ સિદ્ધ થયું ગણાશે. નારીના સર્વાંગી વિકાસનાં આ સોપાનો છે.

શૈક્ષણિક

નારીના ઉત્થાન માટે શિક્ષણ જ અસરકારક માધ્યમ છે. મહર્ષિ કર્વેએ મહિલાઓના શિક્ષણ માટે યુનિવર્સિટી સ્થાપી. પ્રથમ તે કર્વે યુનિવર્સિટી તરીકે ઓળખાઈ. પાછળથી તે ચર્ચગેટ, મુંબઈ વિસ્તારમાં થઈ તે એસ. એન. ડી.ટી. વિમેન્સ યુનિવર્સિટી તરીકે પ્રસિદ્ધ થઈ. વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર હંસાબેન મહેતા (ડો. જીવરાજ મહેતાનાં ધર્મપત્ની) એ શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું. નબળી આર્થિક સ્થિતિના કારણે જે બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવી શકતી નથી તેઓને સમાજ તથા સરકાર તરફથી સહયોગ મળવો જરૂરી છે. ઈ.સ. 1917માં સ્થપાયેલી સંસ્થા 'ગુજરાત સ્ત્રી કેળવણી મંડળે' મહિલાઓના શૈક્ષણિક અને સામાજિક ઉત્થાનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ સંસ્થા દ્વારા મોરારિબાપુના વરદ્‌હસ્તે ભિન્ન ભિન્ન ક્ષેત્રની પ્રતિભાવંત મહિલાઓને એવોર્ડ અપાય છે.

સામાજિક

સમાજમાં સ્ત્રીઓને સન્માનપૂર્વક સ્થાન મળવું જોઈએ. પુરુષોનું આધિપત્ય અને પક્કડ સમાજજીવન ઉપર વિશેષ છે. સમાન યોગ્યતા-વાળા પ્રોફેસર, ડોક્ટર, એન્જીનિયર, વૈજ્ઞાનિક, ઓફિસર, સ્ત્રી પુરુષોમાં સ્ત્રીઓ ઉપર પુરુષોનું આધિપત્ય હોય છે. નારીની યોગ્યતાની કદર થવી જોઈએ.

આર્થિક

સ્ત્રી જ્યારે આર્થિક રીતે પગભર, સ્વાવલંબી બનશે ત્યારે જ ઘણી તકલીફો દૂર થઈ શકશે. ઈલાબેન ભટ્ટ દ્વારા સ્થપાયેલી સંસ્થા 'સેવા' દ્વારા ઉત્તમ કાર્ય થયું છે. અનેક મહિલા સંસ્થાઓ, સંગઠનો કાર્ય કરે છે પણ સ્ત્રીના આર્થિક પાસાને સંપન્ન નહીં કરવામાં આવે ત્યાં સુધી સમાનતાની વાત દૂર રહેશે. નારી સબળા છે. પ્રથમ આઈ.પી.એસ. ઓફિસર કિરણબેદી અને પ્રથમ મહિલા ડાયરેક્ટર ઓફ પોલીસ કંચન ચૌધરી તેના દૃષ્ટાંત રૂપે છે. ભિન્ન ભિન્ન રમતોમાં, પોલીસદળમાં, લશ્કરમાંકે પડકારવાળા શારીરિકશક્તિના ક્ષેત્રમાં મહિલાઓ સફળ નીવડી છે.

સાંસ્કૃતિક

આજે એકવીસમી સદીમાં નારીએ કલાના ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. સંગીત, નૃત્ય, નાટક, ગાયક, અભિનય, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકળા જેવી અનેકવિધ કલાઓ સમાજમાં જોવા મળે છે. પાર્શ્વગાયિકાના ક્ષેત્રે ઉત્તમ પ્રદાન તરીકે લતા મંગેશકરને **ભારતરત્ન**નો ભારતનો મૂલ્યવાન પદક મળ્યો છે. તો પ્રસિદ્ધ અભિનેત્રી હેમા માલિનીજી રાજ્યસભાનાં સભ્ય હતાં. તેઓ

(અનુસંધાન પેજ નં. 17 પર)

દિવ્યદર્શન

સાચું સુખ ભોગી જીવનમાં નહી યોગી જીવનમાં જ...

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

મહાભારતમાં વર્ણવાયેલા એક પ્રસંગમાં અર્જુન જિજ્ઞાસાપૂર્વક શ્રી કૃષ્ણને એક પ્રશ્ન કરે છે કે, 'હે માધવ, પાપ કરવાથી ભયંકર પીડા ભોગવવી પડે છે એ જાણ્યા છતાંય મનુષ્ય કઈ પ્રેરણાથી પાપ કરવા માટે પ્રેરિત થાય છે ?' અર્જુનનો આ પ્રશ્ન સાંભળીને શ્રી કૃષ્ણ મીઠું મલકાયા અને બોલ્યા કે - 'કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ મહાશનોમહાપાપ્મા વિદ્ધ્યેનમિહ વૈરિણમ્' અર્થાત્ હે પાર્થ, કામ-ક્રોધ જે રજોગુણથી ઉત્પન્ન થયેલા છે, તે ભય આપનારા છે ને એમના થકી જ પ્રત્યેક પાપની પ્રવૃત્તિ થાય છે અને આ બન્ને જ માનવના સૌથી મોટા દુશ્મન છે. અતઃ જેટલું શક્ય બને તેટલું આનો વિનાશ કરવાનો ઉપાય કરો.

ઈતિહાસનાં પાનાંને જો ઉથલાવવામાં આવે તો સ્પષ્ટપણે એવું પ્રતીત થાય છે કે, કામવાસનારૂપી મનુષ્યના સૌથી મોટા દુશ્મનને મૂળમાંથી ઉખાડવાના પ્રયત્નો અનેક મહાત્માઓએ કર્યાં, પરંતુ તેઓ અસફળ રહ્યા. વિશ્વના ઈતિહાસમાં એવા ઘણા મહાપુરુષોનું ગાયન થયુ છે કે, જેમણે પ્રારંભમાં વિષયવાસનાના દોષથી બચીને મોટા-મોટા તપ તેમજ પ્રશંસનીય સાધનાઓ કરીને નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી. ત્યારબાર, એ જ તપસ્વી વ્યક્તિ વિષયવાસનાના દલદલમાં ફસાઈને લાચાર હાલતમાં મૃત્યુ પામ્યા. રહસ્યવાદીઓના મત મુજબ, કામવાસનાને સંપૂર્ણપણે નષ્ટ કરવી તો અશક્ય છે, પરંતુ એમાંથી છૂટવાનો સરળ ઉપાય છે એનું રૂપાંતર કરી દેવું. જી હાં, એનો અર્થ એમ થાય કે કામની શક્તિના પ્રવાહને કોઈપણ જાતના શારીરિક સંસર્ગોના નિંદ્ય માર્ગ ઉપર જવાથી રોકીને એને રૂપાંતરિત કરીને કોઈ અન્ય માર્ગને અવરોધિત કરીને, એમને કોઈ નવા ક્ષેત્રમાં પ્રવાહિત કરીને આશ્ચર્યકારક વિદ્યુતની ઉત્પત્તિ કરવામાં આવે છે, બરાબર એવી જ રીતે કામવાસનાના તીવ્ર પ્રભાવને ક્ષુદ્ર સાંસારિક ભોગ-વિલાસના સંકુચિત માર્ગેથી વાળીને કોઈક અન્ય ક્ષેત્ર તરફ વાળવામાં આવે, તો એની અદ્ભુત શક્તિ વડે અનેક અશક્ય કાર્યો પણ પરિપૂર્ણ થઈ શકે છે.

કહેવાય છે કે, સંસારને પોતાની અદ્ભુત શક્તિઓ અને વિશેષતાઓ દ્વારા હલાવી નાખનાર અનેક મહાન વિરલ વિભૂતિઓની અંદર કામ પ્રવૃત્તિ વિશેષપણે ઉગ્ર હતી, પરંતુ એમણે આ પ્રચંડ શક્તિના પ્રવાહને શારીરિક સંપર્કના વિનાશકારી ક્ષેત્રથી વાળીને એક નવા ક્ષેત્ર તરફ પ્રવાહિત કરી દીધી, જેના ફળસ્વરૂપે, શક્તિના આ મહાસાગરે તેમના આત્માને નવશક્તિને નવધૈર્યને સમજી એનો ત્યાગ કર્યો ત્યારે એમનું એ જ ઊતરતી કક્ષાવાળું જીવન ઉત્કૃષ્ટ બની ગયું અને તેઓ સંસારના મહાન પુરુષ બની ગયા.

સામાન્યપણે લોકો એવું વિચારતા હોય છે કે, સુખ તો સાંસારિક ભોગોમાંથી જ પ્રાપ્ત થાય છે. પોતાની આ જ ખોટી માન્યતાને કારણે મનુષ્યો વિષયવાસનામાં ડૂબીને સ્વયંના સુખ-શાંતિની સંભાવનાનો પણ નાશ કરતા હોય છે. આ ખરેખર એક ચિંતન યોગ્ય વિષય છે કે, જો સંસારમાં

(અનુસંધાન પેજ નં. 27 પર)

રીટર્ન જર્ની - મહાપ્રયાણની તૈયારી

બ્ર.કુ. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

જ્યાંથી આવ્યાં ત્યાં જવાનું છે.

એક કવિની સરસ પંક્તિ યાદ આવે છે - 'અમે તો પ્રવાસી અલખભોમના...' જે ભોમ દીઠી નથી, અલખ-અદૃશ્ય છે. ત્યાં હવે જવાનું છે. ગામડાનો સાધારણ જણ પણ બોલે છે કે 'જ્યાંથી આવ્યાં ત્યાં પાછા જવાનું છે.' પરંતુ એને ખબર નથી કે ક્યાંથી આવ્યાં અને ક્યાં જવાનું છે ? જર્ની અર્થાત્ મુસાફરી અને રીટર્ન જર્ની એટલે હવે પાછા ફરવાનું છે. આ ધરતી પર આપણે મુસાફર છીએ. જેમ રેલગાડીના મુસાફરે પોતાનું સ્ટેશન આવે એટલે ઊતરી જવું પડે છે. એમ આપણી પણ હવે યાત્રા પૂરી થવા આવી છે અને આપણે આપણા ઘરે પાછા ફરવાનું છે. કઈ ક્ષણે આ જગત છોડવું પડશે એની જાણ અગાઉથી કોઈનેય હોતી નથી. સૌને એમ જ લાગે છે કે મારે જવાની હજુ વાર છે.

આ સંસારમાં આશ્ચર્યજનક વાત કઈ છે ?

બાર વર્ષના વનવાસ દરમિયાન ભરબપોરે કુંતીમાતાને તરસ લાગી, એટલે યુધિષ્ઠિરે સૌ પ્રથમ ભીમને જ્યાં હોય ત્યાંથી પાણી લઈ આવવા આજ્ઞા કરી. ભીમ પાછો ના આવ્યો એટલે એક પછી એક ચારેય ભાઈઓ ગયા. એકેય પાછો ન ફરવાથી યુધિષ્ઠિર પોતે જઈને જુએ છે તો સરોવરના કાંઠે ચારેય ભાઈઓ મૂર્છિત પડ્યા છે. ખૂબ વંદન કર્યા પછી તે ખોબામાં જળ લઈ મોં ધોવા જાય છે ત્યાં જ આકાશવાણી થઈ, 'હે કુંતીપુત્ર યુધિષ્ઠિર, તારા ચારેય ભાઈઓની દશા જો. આ સરોવરનો માલિક હું યક્ષ છું. મારી આજ્ઞા વિના તેઓ જળ પીવા ગયા તેથી તેમની આ હાલત થઈ છે. તું પ્રથમ મારા પ્રશ્નોના ઉત્તર આપ, પછી જ તને જળ લેવાનો અધિકાર પ્રાપ્ત થશે.' ત્યારબાદ સરોવરના માલિક યક્ષે યુધિષ્ઠિરને અગિયારથી વધુ પ્રશ્નો પૂછ્યા. યુધિષ્ઠિરે બધા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા. તેથી યક્ષે રાજી થઈને ચારેય પાંડવોને સજીવન કર્યા. એવી કથા મહાભારતમાં આવે છે.

આપણા વિષયને આ કથાના એક પ્રશ્નોત્તર સાથે સંબંધ છે તે જાણીએ. યક્ષ પૂછે છે કે 'આ જગતમાં આશ્ચર્ય પમાડે એવી કઈ બાબત છે ?' યુધિષ્ઠિર જવાબ આપે છે કે 'મૃત્યુ પામેલ માનવીની અર્થી લઈને જતા ડાઘુઓને લોકો રોજ રોજ જુએ છે છતાં તેઓ એમ જ સમજીને ચાલે છે કે મારે કાંઈ જલ્દી જવાનું નથી.'

મૃત્યુ કઈ ઘડીએ આવીને આપણા દ્વારે ટકોરા મારશે તેની ક્ષણ પહેલાં પણ કોઈને જાણ થશે નહીં. અજ્ઞાન-નિદ્રામાં પોઢેલાં માનવો સંસારના રસ-ભોગમાં જ અંતિમ ઘડી સુધી રચ્યા-પચ્યાં રહે છે. તેથી અંતિમ મહાયાત્રા પૂર્વેની કોઈ તૈયારી કરવાની તેમનામાં સૂઝ-બૂઝ હોતી નથી. ખાલી હાથે આવ્યાં હતાં અને ખાલી હાથે જવાનાં. પરંતુ સાથે શું લઈ જવાનાં ? તેની ખબર ન હોવાથી જિંદગીભર ઈન્દ્રિય સુખોના ભોગમાં, સ્વજનોની મોહમાયામાં અને ધન તેમજ સાધનોના સંગ્રહમાં અણમોલ જીવતર વેડફી દે છે. જેની આળપંપાળ જિંદગીભર કરી, તે દેહ કે દેહનાં સંબંધો કે ધન-સંપત્તિને છોડીને જતાં હૃદય વિદીર્ણ થઈ જાય છે. સંસાર તેને છોડવો ગમતો નથી અને મૃત્યુ તેને છોડવા તૈયાર નથી. આવી દયનીય દશામાં તે દુ:ખી દુ:ખી થઈ પરાણે વિદાય લે છે.

સાથે શું આવશે ?

સંત કબીર સાહેબની ચાર ચોટદાર પંક્તિઓ ટાંકવાનું મન થાય છે -

ઈસ તન-ધનની કૌન બડાઈ,
દેખત પલ મે મિટ્ટી મિલાઈ...
ઈસ તન-ધન કી...
દેહ જલે રે જૈસે લકડે કી મૌલી,
બાલ જલે રે જૈસે ઘાસ કી પુલી...
ઈસ તન-ધન કી...

આ નશ્વર શરીરની તે શી બડાઈ (ગર્વ) કરવી ? પલભરમાં જ રાખ થઈને માટીમાં ભળી જશે. લાકડાની ભારીની જેમ દેહ અને ઘાસના પૂળાની જેમ વાળ સળગી જશે, જેને માટે જીવનભર ખૂબ પળોજણ કરી.

મૃત્યુ વિશેનું જ્ઞાન

જે જન્મે છે તેનું મૃત્યુ અવશ્ય છે. જે ઊગે છે તે આથમે પણ છે. જેમ બીજમાંથી વૃક્ષ થાય છે અને તેના ક્ષય પછી ફરીથી બીજામાંથી વૃક્ષ પેદા થાય છે. તેમ આ બીજરૂપ આત્મા દેહરૂપી વૃક્ષ અર્થાત્ જીવન ક્ષીણ થયે મૃત્યુને આધીન થાય છે. ફરીથી એ બીજરૂપ આત્મા પુનઃજન્મ ધારણ કરે છે. જન્મ-જીવન અને મૃત્યુ પછી પુનર્જન્મ, પુનઃજીવન આમ જન્મ અને મૃત્યુ ચક્રની જેમ નિરંતર ચાલ્યા જ કરે છે. દેહનો વિનાશ થાય છે, આત્મા તો અવિનાશી-અમર છે.

જીવનમાં સુખ અને દુઃખનું કારણ શું છે ? (યક્ષનો પ્રશ્ન)

સુખ એ આપણાં સત્કર્મોનું ફળ છે અને દુઃખ એ આપમાં દુષ્કર્મોનું ફળ છે. ઈશ્વર કોઈને ય સજા આપતો નથી. આપણાં કર્મો જ આપણને સતાવે છે. સત્કર્મો જમા કર્યાં હશે તો જીવ સુખેથી વિદાય લેશે. ખોટાં કર્મો કર્યાં હશે તો અંતિમ વિદાય વસમી બની જશે. બીજો જન્મ પણ દુઃખદાયક બની જશે. જગતમાં ચારે તરફ નજર કરી જુઓ, સુકર્મ અને દુષ્કર્મના ફળ પામતાં હજારો માનવો જોવા મળશે. મૃત્યુ એ જીવનનું અનિવાર્ય સત્ય છે. એને સ્વીકારીએ. મૃત્યુ વિશેની સમજ કેળવીએ. મૃત્યુ આપણને શરીરના અપાર વ્યાધિમાંથી છોડાવી નવો દેહ, નવા સંબંધો અને નવું જીવન પ્રદાન કરે છે. આથી મૃત્યુને મિત્ર સમજવો જોઈએ. જૂના જર્જરિત જીવનના સ્વભાવ સંસ્કાર અને સંબંધો, આધિ, વ્યાધિ, ઉપાધિ તથા ભૂતકાળની અનેક ભૂતાવળોની તક આપે છે. એને સ્નેહથી આવકારીએ. શારીરિક બીમારી કરતાં માનસિક બીમારી અથવા અનેક પ્રકારના મનોરોગ-ચિંતા, વ્યથા જેને આધિ કહે છે, જેની યાતના અસહ્ય હોય છે, ત્યારે મનુષ્ય યા તો પાગલ બની જાય છે યા તો આપઘાત કરી લે છે. આ ઉપરાંત અનેક પ્રકારની ઉપાધિ જે પ્રાકૃતિક આફતોમાંથી ઉદ્ભવે છે યા સ્નેહી સંબંધી-સ્વજનોની પરેશાનીમાંથી યા આર્થિક વિટંબણાઓના કારણે આવે છે. એમાંથી પણ મૃત્યુ છોડાવી આપણને મુક્તિનો અનુભવ કરાવે છે. માટે મૃત્યુનો ભય ત્યજી ખુશી-ખુશીથી વિદાય લઈએ. અગાઉ ભક્તજનો અમરનાથ, બદ્રીનાથ વગેરે તીર્થસ્થળોની યાત્રા એ જતાં પૂર્વે ઘણાં દિવસ અગાઉથી તૈયારી કરતાં. ટ્રેન બસ કે વિમાનની શોધ થઈ ન હતી ત્યારે પગપાળા જ યાત્રા થતી, ઘરે કહીને જતાં કે પાછાં આવ્યા તો ભલે અને ન આવ્યાં તો નાહી નાંખજો. ધંધાધોરી, ઘર-સંપત્તિ સઘળું સોંપીને, નિશ્ચિંત થઈને જતાં. જરૂર જેટલો જ સામાન સાથે રાખતાં. એ જ રીતે હવે સંગમયુગની સમાપ્તિના આરે આવીને ઊભેલા આપણે સૌએ મહાવિનાશ અને મહાપ્રયાણ પૂર્વે કઈ તૈયારી કરવી જોઈએ ? મહાવિનાશની તારીખ દૂર

લાગતી હોય તો વ્યક્તિનું પોતાનું મૃત્યુ તો ગમે તે ક્ષણે, ચૂપચાપ આવીને તેને લઈ જ જશે ને ?

રીટર્ન જર્નીની તૈયારી

● સૌ પ્રથમ જે દેહ સાથે જીવનભર રહ્યા છીએ તેની સાથેના મમત્વનો ત્યાગ. દેહને વળગીને રહેલી ઈન્દ્રિયોના રસ ભોગનો ત્યાગ. દેહને આત્માનું વસ્ત્ર સમજી તેની ચિંતા અને આળપંપાળમાંથી મુક્ત થવાનો અભ્યાસ કરવો એટલે ન્યારા (ડીટેચ) થવું.

● ધન-સંપત્તિ અને સાધનોનો સંગ્રહ આજ લગી કર્યો. હવે મનને સંગ્રહવૃત્તિમાંથી વાળી લેવું. કારણ કે એ બધું સાથે નહીં આવે. જીવનનું લક્ષ નજર સમક્ષ સદા રાખી વૈરાગ્યની વૃત્તિ પેદા કરવી. મારું મારું નો જે વિસ્તાર છે તેને મનથી સમેટી લેવો. વૈરાગ્યની ઉત્પત્તિ જ્ઞાનના મનન-ચિંતન અને ગહનતામાંથી પેદા થાય છે. રાજકુમાર સિદ્ધાર્થને રોગી, વૃદ્ધ, સંન્યાસી અને મૃત્યુ પામેલ વ્યક્તિની અર્થીને સ્મશાને લઈને જતા લોકોને જોઈ હૃદયમાં ધક્કો લાગ્યો. આવી દશા પત્ની યશોધરાની, પુત્ર રાહુલની અને મારી પણ થશે ? રાતભરના ચિંતન બાદ તેમણે સંસારનો ત્યાગ કર્યો. વર્ષોની સાધના બાદ તેઓ બુદ્ધ એટલે જ્ઞાની બન્યા. બાબા કહે છે કે સંસારનો ત્યાગ એ હદનો ત્યાગ છે. તમારે તો બેહદનો ત્યાગ કરવાનો છે. સંસારમાં રહીને જ સંસારથી પર અર્થાત્ મારાપણાથી મુક્ત થવાનો પ્રયાસ કરવાનો છે. આ પુરુષાર્થને જ બાબા કમલપુષ્પ સમાન અથવા જલકમલવત્ જીવન કહે છે. સંસારરૂપી સરોવરના કીચડમાંથી જન્મ્યા છતાં બેદાગ જીવન. આ સ્થિતિને જ ભગવદ્ ગીતામાં સાક્ષીદ્રષ્ટા યા ઉપરામ અવસ્થા કહી છે. સંસાર મનમાં રચાય છે. તેને મનમાંથી જ વિદાય આપવી એ છે તીવ્ર પુરુષાર્થીની તૈયારી. વિધિ સરળ છે સ્વયંની આત્મિક સ્થિતિ દ્વારા પ્રભુ પિતાની સ્મૃતિમાં લીન બની જવું.

● હિસાબ-કિતાબ ચૂકવી દેવાની તૈયારી. પ્રથમ છે આ દેહ સાથેનો હિસાબ. કરેલાં કર્મોના ફળરૂપે બીમારી યા રોગને કારણે થતી પીડા-વેદના શરીરે ભોગવવાની જ છે. પછી દુઃખી થઈને ભોગવવી કે સાક્ષીભાવે ભોગવવી ? એ આપણા હાથની વાત છે. ડોક્ટરો સાથે પણ ગયા જન્મનો હિસાબ ચૂકવવાનો બાકી હોય છે. પતિ-પત્ની, પુત્ર-પુત્રી, માતા-પિતા, બંધુ-સખા જે કોઈ સંબંધો પ્રાપ્ત થયા છે તેઓ સાથે પણ કર્મ ફળ રૂપે ઋણાનુબંધ છે. તેઓ દ્વારા પ્રાપ્ત થતાં સુખ-દુઃખ, માન-અપમાન, ઉપેક્ષા-અપેક્ષા યા દગો, હિસાબ-કિતાબ રૂપે આવીને ઊભાં રહેવાનાં જ છે. સહુથી વધુ કષ્ટ તો સ્વજનો દ્વારા જ સહન કરવાનું થશે. જ્ઞાની તુ આત્માએ આ બોજને ખુશી-ખુશી ઉપાડીને ઋણ-મુક્ત થવાનું છે. રોવું, કકળવું, લડવું-ઝગડવું, આંસુ સારવા કે ફરિયાદ કરવી આ બધું બાલીશતા કે અજ્ઞાનતા જ છે. એમાં સમય વ્યર્થ જશે. ફરિયાદને બદલે બાબા કહે છે, વારે વારે મને યાદ કરો તો સમય સમર્થ બનશે. જમા પણ થશે અને હિસાબ જલદી ચૂકતે પણ થશે. મહામૃત્યુ પૂર્વેનો બાકી બચેલ થોડો સંગમનો અમૂલ્ય સમય વેડફાઈ ન જાય એ તકેદારી માટે બાબા ત્રણ શબ્દો યાદ રાખવાનું કહે છે. 'બચ્ચે એલર્ટ, ખબરદાર, સાવધાન.' રીટર્ન જર્ની મહાપ્રયાણના યાત્રી માટેના આ અણમોલ જ્ઞાન શસ્ત્રો છે. માયાના સૂક્ષ્મ સ્વરૂપોના વાર સામે એલર્ટ રહેવાનું છે. વ્યર્થ મનન, ચિંતન, આળસ કે અલબેલાપનથી ખબરદાર અને સાવધાન રહેવાનું છે. નવા ઋણાનુબંધ ન થાય તે માટે દેહભાનથી ન્યારા રહેવાનું છે.

● રીટર્ન જર્ની પૂર્વે સાથે શું લઈ જઈ શકાશે?

બાબા કહે છે સ્થૂળ દેહ, દેહના સંબંધો ધન-સંપત્તિ અને સાધનો સાથે નહીં આવે પરંતુ સૂક્ષ્મ ચીજો આત્મા પોતાની સાથે લઈ જશે. જે અંતિમ મહાયાત્રાને સુખદ બનાવવામાં અને નવી દુનિયામાં શ્રેષ્ઠ ભાગ્યના નિર્માણમાં સહાયરૂપ બનશે. જેવી કે મનસા, સંકલ્પશક્તિ યા યોગબળ દ્વારા સ્વયંની અને અન્યની કમી-કમજોરી ભસ્મ કરી સ્વયંની વૃત્તિ-દૃષ્ટિ અને સંસ્કારના પરિવર્તન દ્વારા કરેલ જમાખાતું, જ્ઞાનની ગુહ્યતા અને યોગના અભ્યાસ દ્વારા પ્રાપ્ત દિવ્ય ગુણો, શક્તિઓ અને જ્ઞાનની પરિપક્વતા સાથે આવશે. સંકલ્પ દ્વારા અન્યના સંકલ્પોને શ્રેષ્ઠ બનાવવા, સ્વયંની સતોપ્રધાનવૃત્તિ દ્વારા અન્યની વૃત્તિઓનું પરિવર્તન, સતોપ્રધાન વાઈબ્રેશન દ્વારા પ્રકૃતિના પરિવર્તનની સેવા દ્વારા થયેલ જમાનું ખાતુ અને સત્કર્મો, કરુણા, દયા, સ્નેહ, સહયોગ, નિસ્વાર્થ સેવા, સ્વીકાર અને સત્કાર દ્વારા પ્રાપ્ત કરેલ દુઆઓનું જમા ખાતું સાથે આવશે. બાપદાદાની આશાઓ અને ચાહનાઓને પૂરી કરવાના પુરુષાર્થના ફળ રૂપે બાબાના દિલમાંથી પ્રાપ્ત કરેલ આશીર્વાદ અને વરદાનોનું ભાથું પણ સાથે જ આવશે. જે ભવિષ્યના શ્રેષ્ઠ ભાગ્યના નિર્માણમાં સહાયક બનશે. આપણો પોતાનો યા જૂની સૃષ્ટિનો અંત આવે એ પૂર્વે અર્થાત પરમધામ પ્રભુને શરણે જતાં પૂર્વે સંકલ્પ કરીએ કે પ્રાપ્ત થયેલ વરદાની સમયને સ્વયંની સંપૂર્ણતા અને સંપન્નતા પ્રાપ્ત કરવામાં પૂરા દિલથી લગાવી દઈએ.

પાછા ઘર જવાની અંતિમ ઘડીએ

લાઈન ક્લિયર હોય - રીટર્ન જર્નીના સમય પહેલાં બુદ્ધિની લાઈન ક્લીન અને ક્લિયર હોવી ખૂબ જ આવશ્યક છે. એ માટે શ્રેષ્ઠ સંકલ્પની શક્તિ એટલી સ્વચ્છ-શુદ્ધ-પવિત્ર બનાવી લઈએ કે જેથી વ્યર્થ અને નકારાત્મકતાની અસર અંશમાત્ર ન હોય. રીટર્ન જર્ની પૂર્વે તીવ્ર પુરુષાર્થીની અંતિમ અવસ્થા અર્થાત્ સંપન્ન અને સંપૂર્ણ અવસ્થા અન્યને પણ શક્તિશાળી સ્થિતિનો અનુભવ કરાવી શકે. જે સ્થિતિમાં માસ્ટર જ્ઞાનસાગર, માસ્ટર સર્વશક્તિવાન, સર્વ ગુણોમાં સંપન્નતા, હર સંકલ્પ, હર બોલ, હર શ્વાસમાં સદા સાક્ષી-દૃષ્ટા તથા બાબાના સાથનો અનુભવ છલકાતો હોય. ઉપરાંત સર્વ બ્રાહ્મણ પરિવારના આત્માઓના સ્નેહ, સહયોગ અને સાથનો અનુભવ થતો હોય. આવા ભાગ્યશાળી આત્મા હર સેકન્ડ આત્મિક સ્થિતિ અર્થાત્ જ્ઞાનમૂર્ત, ગુણમૂર્ત, ધારણામૂર્ત અને યોગમૂર્ત સ્ટેજનો અનુભવ કરતો હોય, તેની દૃષ્ટિ સદા મસ્તકમણિ તરફ રહેતી હોય, સ્વયંની અને બાપની સ્મૃતિ નેચરલ-સહજ સ્વરૂપમાં હશે. મહેનત નહીં. મહોબ્બતની જીવનયાત્રા હશે. અંતિમ સમયે અંતિમ સ્થિતિ સૌ કોઈને રુહાનિયતનો અનુભવ કરાવનારી લવલીન હશે. 'વાહ બાબા, વાહ ! મેરા ભાગ્ય' એ સૂર અંતિમ શ્વાસમાં હશે.

॥ ઓમશાંતિ ॥

- **પ્રેમના હીંચકામાં બેસી જાઓ, તો મહેનત કરવી નહીં પડે.**
- **વ્યર્થથી બચવું છે તો મુખ પર દૃઢ સંકલ્પનું બટન લગાવી દો.**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

વડોદરા અટલાદરા ખાતે 'મીડિયા સેમીનાર'માં મ્યુ. કમિશનર ભ્રાતા એન.બી.ઉપાધ્યાય IAS, MS યુનિવર્સિટી જર્નાલીઝમના HOD ડૉ.નીતિ ચોપડા, પ્રો. ડૉ.સોમનાથભાઈ, બ્ર.કુ. અરુણાબેન.

ગુંડાલા ખાતે મુદ્રા–કચ્છ દ્વારા 'વડીલ વંદના' વૃધ્ધાશ્રમમાં 'તનાવ મુક્તિ'ની સમજુતી આપતાં બ્ર.કુ. અમોદભાઈ મંચ ઉપર સંસ્થાના ટ્રસ્ટી ભ્રાતા ચીમનભાઈ, ભ્રાતા વિજયભાઈ, બ્ર.કુ. સુશીલાબેન.

ઓલપાડમાં 'રાષ્ટ્રીય કિસાન દિવસે' બ્ર.કુ. સવિતાબેન, જીલ્લા કૉઓપરેટીવ બેંકના ડાયરેક્ટર ભ્રાતા કિરીટભાઈ, કૉઓપરેટીવ સોસાયટીના સભ્ય ભ્રાતા ઈશ્વરભાઈ, બ્ર.કુ. ધર્મિષ્ટાબેન.

લોધીકા રાજકોટ સેવાકેન્દ્ર તથા 'સી.જે. ગ્રુપ' દ્વારા જીવદયા પ્રેમી આત્માઓને શિલ્ડ તથા પ્રશસ્તિપત્ર આપીને સન્માનીત કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. રશ્મિતાબેન તથા બ્ર.કુ. સરોજબેન.

મહુડી ખાતે 'યુવા સ્નેહમિલન'માં MP ભ્રાતા દીપસિંહ રાઠોડ, ટીવી કલાકાર પલ્લવીબેન, સંતશ્રી હરિઓમ બાપુ, જૈન મંદિરના ટ્રસ્ટી નવીનભાઈ, તાલુકા ડેલીગેટ જસવંતસિંહ, બ્ર.કુ. મનીષાબેન.

મુંબઈ ગોરાઈ સેવાકેન્દ્ર પર નવનિયુક્ત MLA ભ્રાતા સુનીલ રાણેના સન્માન કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં બ્ર.કુ. પારુલબેન, પૂર્વ નગરસેવક ભ્રાતા શિવા શેટ્ટી તથા સભામાં બ્રહ્માવત્સો.

પોરબંદરમાં બ્ર.કુ. લીનાબેનને મોમેન્ટો આપી સન્માન કરતાં કોસ્ટગાર્ડની સૂર શીપના કમાન્ડીંગ ઑફિસર ભ્રાતા બાજપાઈ.

વ્યારામાં બ્ર.કુ. અરુણાબેનને મોમેન્ટો આપી સન્માન કરતાં જીલ્લા વન અધિકારી ભ્રાતા આનંદભાઈ.

Gyan Amrit Vol.13 | Issue 2 | February 2020 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

રાજકોટમાં 'જીવન કા આધાર ગીતા કા સાર' કાર્યક્રમમાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. ઉષાબેન, મેયર શ્રીમતી બીનાબેન, MLA ભાનુબેન, સ્વામીનારાયણ પંથના સ્વસ્તિકદીદી, ગુરુદ્વારાના સરદાર હરીસીંગ, આર્ટ ઑફ લીવીંગના દીપકભાઈ, બિશપ જોશ, મૌલવી ડૉ. અહેમદ કાદરી.

અમદાવાદમાં મણિનગર ગ્રુપ સેવાકેન્દ્રોની સંગઠીત 'યોગ તપસ્યા ભઠ્ઠી'માં ગ્રામવિકાસ પ્રભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બ્ર.કુ. રાજુભાઈ, બ્ર.કુ.કૈલાસબેન, બ્ર.કુ.નેહાબેન, બ્ર.કુ.અમરબેન, બ્ર.કુ.ઉષાબેન, બ્ર.કુ.ભગવતીબેન, ડૉ. મુકેશભાઈ, ડૉ.જીતુભાઈ, બ્ર.કુ.સત્યનારાયણભાઈ, બ્ર.કુ.અરવિંદભાઈ, બ્ર.કુ.રશ્મિભાઈ.

વડોદરામાં આયોજીત 'આંતરરાષ્ટ્રીય મેરાથોન' બાદ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભ્રાતા વિજયભાઈ રુપાણીને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અરુણાબેન સાથે વિધાનસભાના અધ્યક્ષ ભ્રાતા રાજેન્દ્ર ત્રિવેદી તથા અન્ય ધર્મ-સંપ્રદાયના વડાઓ.

વસોમાં નવનિર્મિત 'સામૂહિક આરોગ્ય કેન્દ્ર'ના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી ભ્રાતા નીતિનભાઈ પટેલને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. તરુબેન બાજુમાં કૃષિમંત્રી ભ્રાતા જયદ્રથસિંહ પરમાર, MLA દેવુસિંહ ચૌહાણ અન્ય અધિકારીઓ.

નૈરોબીમાં 'ટકાઉ વિકાસ' પર આયોજીત રાષ્ટ્રીય પરિસંવાદમાં પૂર્વી આફ્રિકાના નાયબ પ્રાદેશિક પ્રતિનિધિ ભગિની સિલ્વી બર્ટ્રેન્ડની સાથે બ્ર.કુ. વેદાંતીબેન, બ્ર.કુ. દીપ્તિબેન અન્ય ધર્મના સભ્યો.

વીરપુર-જલારામમાં નવનિર્મિત 'વિશ્વજ્યોત ભવન'ના મંગલ ઉદ્‌ઘાટન અને રજત જયંતી પ્રસંગે મા.આબુથી પધારેલ બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. દમયંતીદીદી, બ્ર.કુ. સુશીલાબેન, બ્ર.કુ. ગીતાબેન.